કેસ રજુ તા. ૨૧–૦૩–૨૦૨૪
દાખલ તા. ૨૧–૦૩–૨૦૨૪
ફેંસલ તા. ૧૬–૦૩–૨૦૨૬
અવધિઃ– વર્ષ માસ દિવસ
૦૧ ૧૧ ૨૫

**બોટાદ જીલ્લા અદાલતના મહેરબાન સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની કોર્ટમાં.**

સેશન્સ કેસ નં. ૨૦/૨૦૨૪
આંક– ૭૮

**ફરીયાદીઃ–** શ્રી સરકાર.

**વિરૂધ્ધ**

**આરોપીઃ–** કિરણભાઈ ઉર્ફે કિરો ભાયલાલભાઈ પઢીયાર
ઉ.વ.આ. ૨૦, ધંધો – ખેતીકામ,
રહે. ઈશ્વરીયા,
તા. ગઢડા, જી. બોટાદ.

**ગુનોઃ–** ઇ.પી.કો. કલમ–૩૦૨,૨૦૧ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ

**ફરીયાદપક્ષ તરફેઃ–** વિદ્વાન એ.પી.પી.શ્રી કે.એમ.મકવાણા.
**આરોપીપક્ષ તરફેઃ–** વિદ્વાન વકીલ શ્રી પી.બી.રેણુકા.

## –: ચુકાદો :–

૧. આરોપી સેશન્સ કેસ નંબર–૨૦/૨૦૨૪ ની ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. તેઓની વિરુધ્ધ ઈ.પી.કો.કલમ–૩૦૨,૨૦૧ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનાં ગુન્હા સબબ આંક–૯ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે.

૨. ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત નીચે મુજબ છે.

આ કામના ફરીયાદી ઘેલુભા કરણુભા ગોહિલ, રહે. ઈશ્વરીયા, તા.ગઢડા,જી. બોટાદવાળાએ એ મતલબની ફરીયાદ હકીકત જાહેર કરેલ છે કે,તેમના નાનાભાઈ નીતુભાની વાડીમા આરોપી ભાગવી રાખીને ખેત મજુરી કામ કરતા હતા અને આરોપી કિરણભાઈને બાજુની વાડી વાળા સાહેદ જેન્તીભાઈ નમાભાઈની દિકરી લક્ષ્મી સાથે પ્રેમ સબંધ હોય તેની સાથે સગાઈ કરવી હોય, પરંતુ મરણ જનાર નીતુભાએ આરોપીને પ્રેમસબંધ બાબતે ઠપકો આપેલ તેમજ મરણ જનાર નીતુભા ખેતીના કામ કાજ બાબતે આરોપીની બહેન સાથે વાતચીત કરતા હોય જે આરોપીને ગમતી વાત ન હોય જેથી બંને વાતનુ મન દુ:ખ રાખી આરોપીએ તા.૧૬/૧૨/૨૦૨૩ ના રોજ બપોરના બે વાગ્યાની આસપાસ ઈશ્વરીયા ગામે ભંડારની સીમ તરીકે ઓળખાતી મરણ જનારની જુની વાડીએ મરણ જનારને કામના બહાને બોલાવી મરણ જનારના માથાના પાછળના ભાગે લોખંડની નાની કોશ વતી ત્રણ ઘા મારી મરણ જનારને માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી, મરણજનારને ઢસડી ઓરડીમા બંધ કરી, ઓરડી બહાર પડેલ લોહીના ડાઘાઓ ઉપર ચુલાની રાખ નાંખી તેમજ લોખંડની કોશને ઓરડીની બાજુમા રહેલ પાણી ભરેલ કુવામાં ફેંકી દઈ પુરાવાનો નાશ કરી, ફરીયાદીના નાના ભાઈ નીતુભાનુ મોત નિપજાવેલ હોય આરોપી વિરુધ્ધ ધોરણસર થવા ફરીયાદ આપેલ હોવાનું જણાવેલ છે.

સદરહુ ગુના અંગેની ફરિયાદ હકીકત ફરિયાદીએ જાહેર કરતાં પોલીસ સ્ટેશનનાં જવાબદાર અધિકારીએ ફરિયાદીની ફરિયાદ નોંધી લઈ ક્રિ.પ્રો.કો.કલમ –૧૫૭ મુજબનો રિપોર્ટ જાહેર કરી ગુ.રજી.નં. ફર્સ્ટ–૧૧૧૯૦૦૦૪૨૩૧૬૧૫/૨૦૨૩ થી ગુન્હો દાખલ કરાવી ગુન્હાની તપાસ હાથ ધરેલી.

૩. જે ફરીયાદ અંગે તપાસ કરનાર અમલદારે તપાસ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, જરૂરી દસ્તાવેજી પુરાવાઓ એકઠા કરી આરોપી વિરૂધ્ધનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં કરેલું. ત્યારબાદ આ કામે આરોપીને સમન્સ નોટીસ બજાવતાં આરોપી નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલ

છે. જેથી તેને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની વિનામુલ્યે નકલો આપ્યાની ખાત્રી કર્યા બાદ આરોપી વિરૂધ્ધ આંક–૦૯ થી તહોમતનામુ ફરમાવેલું. જે તહોમતનામા સબબ આરોપીની આંક–૧૦ થી પ્લી નોંધતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલો. જેથી આરોપી વિરૂધ્ધ ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**૪.** આરોપી વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવ્યા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૧ અન્વયે ગુનો પુરવાર કરવા સારૂ નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો નોંધાવેલો છે.

**–: મૌખિક પુરાવો :–**

| **નંબર** | **સાહેદનુ નામ** | **સાહેદની કામગીરી** | **આંક** |
|---|---|---|---|
| ૧. | ડો. દિક્ષિત દિલીપભાઈ છત્રાવલા | મેડીકલ ઓફીસર | ૧૧ |
| ૨. | ડો. દિવ્યેશકુમાર કેશવજીભાઈ વડગામા | મેડીકલ ઓફીસર | ૧૬ |
| ૩. | નરશીભાઈ કરમશીભાઈ બાવળીયા | પંચ સાહેદ | ૨૧ |
| ૪. | મુકેશભાઈ તળશીભાઈ મારૂ | પંચ સાહેદ | ૨૮ |
| ૫. | નટુભાઈ તળશીભાઈ મારૂ | પંચ સાહેદ | ૩૨ |
| ૬. | ઘેલુભા કરણુભા ગોહીલ | ફરીયાદી | ૩૭ |
| ૭. | ગોવુભા ભીમદેવસિંહ ગોહીલ | સાહેદ | ૪૧ |
| ૮. | પ્રતાપસિંહ ગુમાનસિંહ ગોહીલ | સાહેદ | ૪૩ |
| ૯. | મહાવીરસિંહ બળવંતસિંહ ગોહીલ | સાહેદ | ૪૫ |
| ૧૦. | ભારૂભા કરણુભા ગોહીલ | સાહેદ | ૪૭ |
| ૧૧. | મયુરધ્વજસિંહ ગુમાનસિંહ જાડેજા | તપાસનીશ અધિકારી | ૪૮/એ |
| ૧૨. | જેન્તીભાઈ નમાભાઈ નાયક | સાહેદ | ૭૬ |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧. | ૧૨ | લાશનુ પી.એમ. કરવા બાબત |
| ૨. | ૧૩ | નીતુભાની રીફર સ્લીપ |
| ૩. | ૧૭ | મરણજનારની લાશનુ ફોરેન્સીક પી.એમ. કરવા બાબતે પી.આઈ.ગઢડા પોલીસ સ્ટેશનનાઓએ મેડીકલ ઓફીસર,સર ટી હોસ્પિટલ ભાવનગરને લખેલ યાદી |

| | | |
|---|---|---|
| ૪. | ૧૯ | લાશ ઉપરથી લીધેલ કપડા તથા જરૂરી સેમ્પલો એફ.એસ.એલ. ચકાસણી અર્થે મોકલવા માટે મેડીકલ ઓફીસરશ્રીએ કરેલ ફોરવર્ડીંગ લેટરની સ્થળપ્રત |
| ૫. | ૨૦ | ઈન્કવેસ્ટ પંચનામુ |
| ૬. | ૨૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૭. | ૨૩ થી ૨૭ | પંચોની સહી વાળી પંચ સ્લીપો |
| ૮. | ૨૯ | મરણ જનાર નીતુભાના પી.એમ. દરમ્યાન લાશ ઉપરથી લીધેલ બ્લડ સેમ્પલ તથા કપડા કબજે કર્યાનુ પંચનામુ |
| ૯. | ૩૦ | આરોપીને અટક કર્યાનુ પંચનામુ |
| ૧૦. | ૩૧ | આરોપીનું બ્લડ સેમ્પલ કબજે કર્યાનુ પંચનામુ |
| ૧૧. | ૩૩ | ડીસ્કવરી પંચનામુ |
| ૧૨. | ૩૪ થી ૩૬ | પંચોની સહી વાળી પંચ સ્લીપો |
| ૧૩. | ૩૮ | તા. ૧૭/૧૨/૨૦૨૩ ના રોજની અસલ ફરીયાદ |
| ૧૪. | ૩૯ | ફરીયાદી ઘેલુભાઈ કરણભાઈ ગોહીલનુ સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનુ નિવેદન |
| ૧૫. | ૪૨ | સાહેદ ગોવુભા ભીમદેવસિંહ ગોહીલનુ સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનુ નિવેદન |
| ૧૬. | ૪૪ | સાહેદ પ્રતાપસિંહ ગુમાનસિંહ ગોહીલનુ સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનુ નિવેદન |
| ૧૭. | ૪૬ | સાહેદ મહાવીરસિંહ બળવંતસિંહ ગોહીલનુ સી.આર. પી. સી. કલમ–૧૬૪ મુજબનું નિવેદન |
| ૧૮. | ૪૮ | સાહેદ ભારુભા કરણુભા ગોહીલનુ સી.આર. પી. સી. કલમ–૧૬૪ મુજબનુ નિવેદન |
| ૧૯. | ૪૯ | પોલીસ યાદી, |
| ૨૦. | ૫૦ | નીતુભાનુ મરણોત્તર ફોર્મ |
| ૨૧. | ૫૧ | મરણ જનારની લાશનુ પી.એમ. કરવા ઓથોરીટી લેટર ઈસ્યુ કરવા બાબતે પી.આઈ. ગઢડા પોલીસ સ્ટેશનનાઓએ પોલીસ અધિક્ષકશ્રી બોટાદને લખેલ યાદી |
| ૨૨. | ૫૨ | ફેકસ મેસેજ |
| ૨૩. | ૫૩ | સુચિપત્ર |
| ૨૪. | ૫૪,૫૫ | લોકલ એફ.એસ.એલ. અધિકારીના સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૨૫. | ૫૬ | કોલ ફોર્મ |

| | | |
|---|---|---|
| ૨૬. | ૫૭ | આરોપીએ અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા બાબતની પોલીસ ચાદી |
| ૨૭. | ૫૮ | આરોપીના જન્મ તારીખની ખરાઈ કરી જન્મ પ્રમાણ પત્ર આપવા બાબતે પી.આઈ. ગઢડા પોલીસ સ્ટેશનનાએ તલાટી કમ મંત્રી ગંભીરા ગ્રામ પંચાયત,તા.આકલાવ, જી.આણંદને લખેલ ચાદી |
| ૨૮. | ૫૯ | આરોપીનુ જન્મ પ્રમાણ પત્ર |
| ૨૯. | ૬૦ | ફાયર વિભાગના કુશળ તરવૈયા મોકલવા બાબતે પી.આઈ. ગઢડા પોલીસ સ્ટેશનનાઓએ ચીફ ઓફીસર, નગર પાલીકા બોટાદને લખેલ ચાદી |
| ૩૦. | ૬૧ | આરોપીની મેડીકલ તપાસણી કરી સર્ટીફીકેટ આપવા બાબતે પી.આઈ. પોલીસ સ્ટેશનનાઓએ મેડીકલ ઓફીસર, સી.એચ.સી. ગઢડાને લખેલ ચાદી |
| ૩૧. | ૬૨ | આરોપીનુ મેડીકલ સર્ટીફીકેટ |
| ૩૨. | ૬૩ | મરણ જનારની પી.એમ. નોટ મળવા બાબતે પી.આઈ. ગઢડા પોલીસ સ્ટેશનનાઓએ મેડીકલ ઓફીસર, સર ટી.હોસ્પિટલ ભાવનગરને લખેલ ચાદી |
| ૩૩. | ૬૪ | ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરી આપવા બાબતે પી.આઈ. ગઢડા પોલીસ સ્ટેશનનાઓએ સર્કલ ઓફીસર, તાલુકા પંચાયત કચેરી ગઢડાને લખેલ ચાદી, |
| ૩૪. | ૬૫ | વિસ્તરણ અધિકારી, તાલુકા પંચાયતનો ફોરવર્ડીંગ લેટર |
| ૩૫. | ૬૬ | બનાવવાળી જગ્યાનો નકશો |
| ૩૬. | ૬૭ | કબજે કરેલ મુદામાલનુ પરીક્ષણ કરવા બાબતે પી.આઈ. ગઢડા પોલીસ સ્ટેશનનાઓએ એફ.એસ.એલ. જુનાગઢને લખેલ ચાદી |
| ૩૭. | ૬૮,૬૯ | મુદામાલ એફ.એસ.એલ.ને મળ્યા બાબતની પહોંચ |
| ૩૮. | ૭૦ | સાહેદોના સી.આર.પી.સી.કલમ-૧૬૪ મુજબ નિવેદન લેવા સારુ તારીખ, સમય મળવા બાબતે પી.આઈ. ગઢડા પોલીસ સ્ટેશનનાઓએ જે.એમ.એફ.સી. શ્રી ગઢડાને લખેલ ચાદી |
| ૩૯. | ૭૧ | હથિયારબંધીના જાહેરનામાની નકલ |
| ૪૦. | ૭૨ | એફ.એસ.એલ.ના ફોરવર્ડીંગ લેટર સાથેનો બાયોલોજી તેમજ સીરોલોજી પૃથ્થકરણ અહેવાલ |
| ૪૧. | ૭૭ | ફરીયાદ પક્ષે પુરાવો પુરો થયાની પુરસીસ |

**૫.** ઉપરોક્ત વિગતે ફરીયાદપક્ષ તરફથી મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા બાદ ફરીયાદપક્ષ તરફે પુરાવો પુરો થયા બાદ

ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન લેતાં તેઓએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી, તેમજ આરોપીએ બચાવના કોઈ સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે.વિશેષમાં તેઓ વિરુધ્ધ ખોટી ફરીયાદ કરેલ હોવાનું, તેઓએ કોઈ ગુનો કરેલ ન હોવાનું, તેઓ વિરુધ્ધ ખોટા પુરાવા એકત્રીત કરી, ખોટુ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ હોય, તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાં અરજ કરેલ છે.

**૬.** ત્યારબાદ ફરીયાદપક્ષે વિદ્વાન પી.પી.શ્રી કે. એમ. મકવાણા અને બચાવપક્ષે આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી પી.બી.રેણુકાની દલીલો સાંભળી.પક્ષકારો તરફે રજુ દલીલો તથા ચુકાદાઓની ચર્ચા પુનરાવર્તન ટાળવાના હેતુથી જે–તે મુદાની ચર્ચા સાથે કરવાનું ઠરાવું છું.

**૭.** સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

**૧.** શું ફરીયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે કે, નીતુભા કરણુભા ગોહીલનું મૃત્યુ એ અકુદરતી, સાપરાધ મનુષ્યવધ પ્રકારનું છે?

**૨.** શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, ફરીયાદી ઘેલુભા કરણુભા ગોહિલના નાનાભાઈ નીતુભા કરણુભા ગોહીલની વાડીમાં આરોપી કિરણભાઈ ભાગવી રાખીને ખેત મજુરી કામ કરતા હતા અને આરોપી કિરણભાઇને બાજુની વાડી વાળા સાહેદ જેન્તીભાઈ નમાભાઈની દિકરી લક્ષ્મી સાથે પ્રેમ સબંધ હોય તેની સાથે સગાઈ કરવી હોય, પરંતુ મરણ જનાર નીતુભાએ આરોપીને પ્રેમસબંધ બાબતે ઠપકો આપેલ તેમજ મરણ જનાર નીતુભા ખેતીના કામ કાજ બાબતે આરોપી કિરણભાઈના બહેન સાથે વાતચીત કરતા હોય જે આરોપીને ગમતી વાત ન હોય જેથી બંને વાતનુ મન દુઃખ રાખી આરોપીએ તા.૧૬/૧૨/૨૦૨૩ ના રોજ બપોરના બે વાગ્યાની આસપાસ ઈશ્વરીયા ગામે ભંડારની સીમ તરીકે ઓળખાતી મરણ જનારની જુની વાડીએ નીતુભાને કામના બહાને બોલાવી મરણ જનારના માથાના પાછળના ભાગે લોખંડની નાની કોશ વતી ત્રણ ઘા મારી મરણ જનારને માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી, મરણજનારને ઢસડી ઓરડીમા બંધ કરી, ઓરડી બહાર પડેલ લોહીના ડાઘાઓ ઉપર ચુલાની રાખ નાંખી તેમજ લોખંડની કોશને

ઓરડીની બાજુમા રહેલ પાણી ભરેલ કુવામાં ફેંકી દઈ પુરાવાનો નાશ કરી, ફરીયાદીના નાના ભાઈ નીતુભાનુ મોત નિપજાવી, ઘા મારી સ્વેચ્છાપુર્વક વ્યથા તેમજ મહાવ્યથા પહોંચાડી નીતુભાનું મોત નિપજાવેલ અને તેમ કરીને આરોપીએ ઈ.પી.કો. કલમ–૩૦૨,૨૦૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે?

**૩.** શું ફરીયાદપક્ષ નિઃશકપણે સાબિત કરે છે કે, બનાવ તારીખે, સમયે અને સ્થળે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથિયારબંધી અંગેનું જાહેરનામું અમલમાં હોવા છતાં આરોપીએ કોશ જેવા હથિયાર ધારણ કરી, હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

**૪.** શું હુકમ?

ઉપરોક્ત મુદ્દાઓના મારા **નિર્ણયો** નીચે મુજબ છે.

**૧.** હકારમાં

**૨.** હકારમાં

**૩.** નકારમાં

**૪.** આખરી હુકમ મુજબ.

૮. બંને પક્ષના વિ.વ.શ્રીઓની દલીલો ધ્યાને રાખતાં આ અદાલત સૌપ્રથમ આરોપી વિરુધ્ધનાં તહોમતની સાબિતી માટે થઈને ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવો સંક્ષિપ્તમાં ધ્યાનમાં રાખવાનું યોગ્ય માને છે, જે નીચે મુજબ છે.

આ કામના આરોપી સામે તહોમતનામા મુજબનાં આક્ષેપો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ દ્વારા બાર (૧૨) સાહેદો તપાસવામાં આવેલ છે તેમજ ચાલીસ (૪૦) દસ્તાવેજો રજુ રાખવામાં આવેલ છે.

**<u>ફરીયાદીનો પુરાવો.</u>**

૯. ફરીયાદપક્ષ દ્વારા આંક–૩૭ થી ફરીયાદી ઘેલુભા કરણુભા ગોહિલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. ફરીયાદીની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ આંક–૩૮ થી રજુ થયેલ ફરીયાદ હકીકતોને સમર્થનકારી જુબાની આપેલ હોવાનું જણાય આવે છે.

**<u>બનાવ સ્થળે મરણજનારની લાશ જોનાર સાહેદનો પુરાવો.</u>**

**૧૦.** ફરીયાદપક્ષ ધ્વારા આંક–૪૧ થી સાહેદ ગોવુભા ભીમદેવસિંહ ગોહીલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેવામા આવે તો તેઓએ ફરીયાદ હકીકત તથા બનાવ હકીકતોને સમર્થનકારી જુબાની આપેલ હોવાનું જણાય આવે છે.

**બનાવવાળા સ્થળે મરણજનાર તથા આરોપીનુ મોટરસાયકલ જોનાર <u>સાહેદનો પુરાવો.</u>**

**૧૧.** ફરીયાદપક્ષ ધ્વારા આંક–૪૩ થી સાહેદ પ્રતાપસિંહ ગુમાનસિંહ ગોહીલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેવામા આવે તો તેઓએ ફરીયાદ હકીકત તથા બનાવ હકીકતોને સમર્થનકારી જુબાની આપેલ હોવાનું જણાય આવે છે.

**<u>અન્ય સાહેદોનો પુરાવો.</u>**

**૧૨.** ફરીયાદપક્ષ ધ્વારા આંક–૪૫ થી સાહેદ મહાવીરસિંહ બળવંતસિંહ ગોહીલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેવામા આવે તો તેઓએ ફરીયાદ હકીકત તથા બનાવ હકીકતોને સમર્થનકારી જુબાની આપેલ હોવાનું જણાય આવે છે.

**૧૩.** ફરીયાદપક્ષ ધ્વારા આંક–૪૭ થી સાહેદ ભારૂભા કરણુભા ગોહીલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેવામા આવે તો તેઓએ ફરીયાદ હકીકત તથા બનાવ હકીકતોને સમર્થનકારી જુબાની આપેલ હોવાનું જણાય આવે છે.

**૧૪.** ફરીયાદપક્ષ ધ્વારા આંક–૭૬ થી સાહેદ જેન્તિભાઈ નમાભાઈ નાયકને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેવામા આવે તો તેઓએ બનાવ હકીકતોને સમર્થનકારી જુબાની આપેલ હોવાનું જણાય આવે છે.

**<u>મેડીકલ ઓફીસરશ્રીઓનો પુરાવો.</u>**

**૧૫.** ફરીયાદીપક્ષ દ્બારા આંક–૧૧ થી સાહેદ ડો. દિક્ષિત દિલીપભાઈ છત્રાવલાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. ડોકટરશ્રીની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ મરણ જનાર નીતુભા કરણુભા ગોહીલને તેઓ સમક્ષ લાવતા તેમને તપાસી મૃત જાહેર કરી રીફર સ્લીપ સાથે ભાવનગર સર.ટી. હોસ્પિટલ તરફ મોકલી આપેલ હોવાનુ જણાય આવે છે.

**૧૬.** ફરીયાદપક્ષ દવારા આંક–૧૬ થી સાહેદ ડોકટર દિવ્યેશકુમાર કેશવજીભાઈ વડગામાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. ડોકટરશ્રીની જુબાનીમાથી તેઓએ નીતુભા કરણુભા ગોહીલની લાશનુ પી.એમ. કરી તે અંગેની આંક–૧૮ વાળી પી.એમ. નોટ તૈયાર કરેલ હોવાનું જણાવેલ છે ત્યારે તેઓના પુરાવામાથી પી.એમ. નોટની હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે.

**<u>પંચ સાહેદોનો પુરાવો.</u>**

**૧૭.** ફરીયાદ પક્ષ દ્બારા આંક–૨૧ થી પંચ નરશીભાઈ કરમશીભાઈ બાવળીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ આંક–૨૨ થી રજુ થયેલ ગુનાવાળી જગ્યાનુ પંચનામાની હકીકતોને સમર્થન પ્રાપ્ત થતું હોવાનું જણાય આવે છે.

**૧૮.** ફરીયાદ પક્ષ દ્બારા આંક–૨૮ થી પંચ મુકેશભાઈ તળશીભાઈ મારૂને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ આંક–૨૯ થી રજુ થયેલ સેમ્પલ કબજે કર્યાનુ પંચનામા અને આંક–૩૦ થી આરોપીને અટક કર્યાનું પંચનામાની હકીકતોને સમર્થન પ્રાપ્ત થતું હોવાનું જણાય આવે છે.

**૧૯.** ફરીયાદ પક્ષ દ્બારા આંક–૨૯ થી પંચ નટુભાઈ તળશીભાઈ મારૂને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદની સમગ્ર જુબાની

ધ્યાને લેવામાં આવે તો તેઓ આંક-૩૩ થી રજુ ડીસ્કવરી પંચનામાની હકીકતોને સમર્થન પ્રાપ્ત થતું હોવાનું જણાય આવે છે.

**<u>તપાસનીશ અધિકારીનો પુરાવો.</u>**

**૨૦.** ફરીયાદપક્ષ ધ્વારા આંક-૪૮(એ) થી તપાસનીશ અધિકારી મયુરધ્વજસિંહ ગુમાનસિંહ જાડેજાને સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. સદર તપાસનીશ અધિકારીની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ તપાસ દરમ્યાન તપાસના કામે લાગતા વળગતા સાહેદોના તેઓના લખાવ્યા મુજબના નિવેદનો નોંધી, પંચો રુબરુ પંચનામા કરી, તપાસને લગત જરૂરી દસ્તાવેજો મેળવી, તપાસ દરમ્યાન જરુરી અને યોગ્ય કાર્યવાહી કરી તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો હોય ચાર્જશીટ દાખલ કરેલ હોવાનુ જણાવેલ છે.

**<u>કારણો</u>**

**<u>મુદા નંબર-૧ઃ</u>**

**૨૧.** ઈ.પી.કો.કલમ-૩૦૨ ના ગુનાના કામે આરોપી સામે ખટલો ચલાવતી વખતે સર્વપ્રથમ ફરીયાદપક્ષે એ પુરવાર કરવું પડે કે **(૧) સાપરાધ મનુષ્યવધ થવા પામ્યો છે (૨) તે આરોપીએ કોઈ કૃત્ય હોય (૩) જેના કારણસર ભોગ બનનારનું મૃત્યુ નિપજ્યું હોય (અહીં કૃત્યની વ્યાખ્યામાં કાર્યલોપનો પણ સમાવેશ થાય છે.) (૪) તે કૃત્ય આરોપીએ મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી અથવા એવા જ્ઞાન સાથે કે જે શારીરિક ઈજા પહોંચાડવામાં આવી છે તેનાથી મૃત્યુ નિપજવાનો સંભવ છે, અને તે શારીરિક ઈજા ઈરાદાથી કૃત્ય કર્યુ હોય. (૫) કૃત્ય કરનાર આરોપીએ જે ઈજા પહોંચાડવા ધારી હોય તે કુદરતનાં સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા પુરતી છે.** ત્યારબાદ અદાલતે રેકર્ડનો પુરાવો જોતા ધ્યાને લેવુ જોઈએ કે, **(૬) આરોપી દ્વારા કરવામાં આવેલ કૃત્ય ઈ.પી.કો.કલમ-૩૦૦ માં આપવામાં આવેલા પાંચ પૈકી કોઈપણ અપવાદમાં પડે છે કે કેમ? તે સિવાય જો**

**આરોપીએ કોઈ ચોક્કસ અપવાદનો બચાવ લીધો હોય તો તે ધ્યાને લેવાનું રહે છે (૭) જો આરોપીનું કૃત્ય કલમ–૩૦૦ માં દર્શાવેલ કોઈ અપવાદમાં ન પડતુ હોય તો સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય અને આરોપીને ઈ.પી.કો.કલમ–૩૦૨ અન્વયે સજા કરી શકાય. (૮) જો આરોપીનું કૃત્ય કલમ–૩૦૦ માં દર્શાવેલ કોઈ અપવાદમાં પડતુ હોય તો આરોપીને સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય નહી તેવા ગુના માટે ઈ.પી.કો.કલમ–૩૦૭ ની જોગવાઈ મુજબ સજા કરી શકાય.**

**૨૨.** અત્રે એ પણ નોંધવાનું જરુરી જણાય છે કે, આરોપીનં કૃત્ય કલમ–૩૦૦ માં આપવામાં આવેલ કોઈ અપવાદમાં કે સામાન્ય અપવાદમાં પડે છે તે પુરવાર કરવાની જવાબદારી આરોપી ઉપર રહે છે. આરોપી સામેનો ગુનો પુરવાર કરવાની સમગ્ર જવાબદારી નિઃશકપણે તમામ શંકાથી પર પુરવાર કરવાની ફરીયાદ પક્ષ ઉપર રહે છે. આ બોજો કયારેય ખસતો નથી કે હળવો થતો નથી. **જ્યારે આરોપી તરફે જે અપવાદનો બચાવ લેવામાં આવે છે તે બોજો ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૫ ની જોગવાઈ મુજબનો છે.** આરોપીનો કેસ કોઈ અપવાદમાં પડતો નથી તે હકીકત ફરીયાદ પક્ષે નકારાત્મક રીતે પુરવાર કરવાની રહેતી નથી. પરંતુ જો ફરીયાદ પક્ષ આરોપી સામે સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય તેનો પુરાવો નિઃશકપણે સાબિત કરી શકે ત્યારે અપવાદના સંજોગા ન હતા તેવુ અનુમાન કરવાનું અદાલતને રહે છે અને આ અનુમાનનું ખંડન કરવાની જવાબદારી બચાવ પક્ષની છે, અને તે પુરાવોનો પ્રકાર ફરીયાદ પક્ષ જેટલી નિઃશકપણે પુરવાર કરવાની માત્રાની અપેક્ષા કરતા ઓછી રહે છે. બચાવ પક્ષે ફરીયાદ પક્ષનો કેસ ખોટો છે તેવુ નહી પરંતુ સાચો છે કે કેમ તે બાબતે પ્રશ્નો ઉપસ્થિત કરવાના હોય છે. **આરોપી તરફે ઉપર જે અપવાદ પુરવારનો બોજો છે તે સંભવીતતાના સિધ્ધાંત ઉપર છે.** બચાવ પક્ષે તે બાબતે લેખિત કે મૌખિક પુરાવો આપવો તેવો કોઈ નિયમ નથી પરંતુ રેકર્ડ પરની કેસની સ્વીકારી લેવાયેલ હકીકત તેમજ નિર્વિવાદ હકીકતો જે ફરીયાદ પક્ષના પુરાવામાં આવે છે તેના ઉપરથી પણ અપવાદના સંજોગો પુરવાર કરી શકાય છે. આ તમામ બાબતો લક્ષમાં લઈ અંતે અદાલતે ફરીયાદ પક્ષના પુરાવાની વિશ્વસનીયતા તેમજ બચાવપક્ષના

બચાવની સંભવીતતાની માત્રા તે વચ્ચે તુલનાત્મક અભ્યાસ કરી નિર્ણય લેવાનો રહે છે.

આ કામના આરોપી સામે ઈ.પી.કો.કલમ–૨૦૧ અન્વયે સજાપાત્ર ગુનાનુ પણ તહોમત છે અને તે ગુના તત્વો એવો છે કે, કોઈપણ વ્યક્તિ ગુનો બન્યા પછી ત્યારબાદ પુરાવા સાથે ચેડા કરે અને તે ગુનાની સજામાંથી બચવા, સજા થાય તે અગાઉના વિચારને કેન્દ્રમાં રાખી તેનાથી બચાવ માટે રહેલ પુરાવા સાથે ચેડા કરે છે એટલે કે, ફરીયાદપક્ષ કેસને ગુનાહીત રીતે તેના પુરાવાની ગુણવત્તા નબળી પાડવા પુરાવાનો નાશ કરવાનો પ્રયત્ન કરે છે. હાલના કામે આરોપીએ કરેલ પુરાવાનો નાશ તે એવા ગુના માટે છે કે જે મૃત્યુ દંડની સજાને પાત્ર છે. તેવા સંજોગોમાં વધુમાં વધુ સાત વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. આ ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષે પુરવાર કરવુ પડે કે, **આરોપીની જાણમાં ગુનો બન્યો હતો અને તે ગુનાનાં પુરાવાને આરોપીએ નાશ કર્યા હોય અથવા ગુનાની જાણ હોવાની માહીતી ખોટી છે તે જાણ હોવા છતાં તેવી માહીતી આપી હોય, પુરાવાનો નાશ ગુનામાંથી બચવાના ઈરાદાથી કર્યો હોય એટલે કે, ખોટી માહીતી ગુનામાંથી છટકી જવાના ઈરાદાથી આપી હોય.**

**૨૨.૧** આ કામે પુરાવાની ચર્ચા કરતા અગાઉ પંચનામાની ગ્રાહ્યતા બાબતે સ્પષ્ટતા કરવાનું જરૂરી જણાય છે, કારણકે કેટલાક સાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતાં ન હોઈ, 'ફરી ગયેલા' જાહેર કરેલા છે, પરંતુ તપાસ કરનાર અમલદારે આ મુજબના પંચનામા લખાવેલ છે તેવું તેમની સોગંદ ઉપરની જુબાનીમાં કબૂલ રાખેલ છે. આ બાબતે પંચનામા તેમજ પંચ સાહેદના પુરાવાની મુલવણી કરતા અગાઉ સ્પષ્ટતા કરવાનું ઉચિત જણાય છે કે, પંચનામાના પંચ સાહેદ 'ફરી ગયેલા' જાહેર થવાથી કે પંચનામાની હકીકતને સમર્થન ન આપવાના કારણ સર પંચનામું પુરાવામાં ગ્રાહ્ય રાખી આરોપી વિરુધ્ધ ઉપયોગમાં ન લઈ શકાય તેવો કોઈ નિયમ નથી. પંચનામું તે પંચોની હાજરીમાં એટલે કે સ્વતંત્ર સાહેદોની હાજરીમાં કરવું તે ડહાપણનો નિયમ છે, નહિ કે કાયદાનો. આ બાબતે નામદાર સુપ્રિમ કોર્ટના **૨૦૦૧ કિ.લો.જ. પાન નંબર–૫૦૪ ઉપર પ્રસિધ્ધ થયેલ સ્ટેટ**

**ગવર્નમેન્ટ** એન.સી.ટી**. ઓફ દિલ્હી વિરુધ્ધ સુનિલના** ચુકાદા ઉપર આધાર રાખેલ છે. સદરહુ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે નીચે મુજબ ઠરાવેલ છે:

"There is no requirement either under Section 27 of the Evidence Act or under Section 161 of the Code of Criminal Procedure, to obtain signature of independent witnesses on the record in which statement of an accused is written. The legal obligation to call independent and respectable inhabitants of the locality to attend and witness the exercise made by the police is cast on the police officer when searches are made under Chapter VII of the Code. Section 100(5) of the Code requires that such search shall be made in their presence and a list of all things seized in the course of such search and of the places in which they are respectively found, shall be prepared by such officer or other person "and signed by such witnesses". It must be remembered that search is made to find out a thing or document which the searching officer has no prior idea where the thing or document is kept. He prowls for it either on reasonable suspicion or on some guess work that it could possibly be ferreted out in such prowling. It is a stark reality that during searches the team which conducts search would have to meddle with lots of other articles and documents also and in such process many such articles or documents are likely to be displaced or even strewn helter-skelter. The legislative idea in insisting on such searches to be made in the presence of two independent inhabitants of the locality is to ensure the safety of all such articles meddled with and to

protect the rights of the persons entitled thereto. But recovery of an object pursuant to the information supplied by an accused in custody is different From the searching endeavor envisaged in Chapter VII of the Code. (Para 18)

"It is an archaic notion that actions of the police officer should be approached with initial distrust. We are aware that such a notion was lavishly entertained during British period and policemen also knew about it. Its hang over persisted during post-independent years but it is time now to start placing at least initial trust on the actions and the documents made by the police. At any rate, the court cannot start with the presumption that the police records are untrustworthy. As a proposition of law the presumption should be the other way around. That official acts of the police have been regularly performed is a wise principle of presumption and recognised even by the legislature. Hence when a police officer gives evidence in court that a certain article was recovered by him on the strength of the statement made by the accused it is open to the court to believe the version to be correct if it is not otherwise shown to be unreliable. It is for the accused, through cross-examination of witnesses or through any other materials, to show that the evidence of the police officer is either unreliable or at least unsafe to be acted upon in a particular case. If the court has any good reason to suspect the truthfulness of such records of the police the court could certainly take into account the fact that no

other independent person was present at the time of recovery. But it is not a legally approvable procedure to presume the police action as unreliable to start with, nor to jettison such action merely for the reason that police did not collect signatures of independent persons in the documents made contemporaneous with such actions. (Para 20)"

નામદાર સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદો નામદાર ગુજરાત હાઈકોર્ટ ૨૦૧૬ (૨) જીએલઆર પાના નં–૧૮૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં પુનરોચ્ચાર કરી તે સિધ્ધાંતને સમર્થન આપે છે.

**૨૨.૨** ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિ સાથે આગળ વધતા **હાલના મુદામાં સર્વપ્રથમ એ નકકી કરવાનું રહે છે કે, ગુજરનારનું મૃત્યુ કુદરતી છે, આત્મહત્યા છે કે મનુષ્યવધ છે અને જો આ કિસ્સો મનુષ્યવધનો જણાય તો ઈ.પી.કો.કલમ–૨૯૯ ના તત્વો પ્રમાણે તે સાપરાધ મનુષ્યવધ છે કે કેમ?**

**૨૩.** કોઈપણ વ્યક્તિનું મૃત્યુ તે બે પ્રકારે થઈ શકે, જેમાં પ્રથમ કુદરતી અને ત્યારબાદ અકુદરતી મૃત્યુ કહી શકાય. જયારે એ હકીકત નિર્વિવાદ છે કે, ગુજરનારનું કુદરતી મૃત્યુ થયેલ ન હતું ત્યારે હાલના કામે કુદરતી મૃત્યુની ચર્ચા કરવાનું ચોકકસ પણે અસ્થાને છે, તેવા સંજોગોમાં તે માત્ર ત્રણ પ્રકારે સંભવી શકે, જેમાં અકસ્માત, આપઘાત અથવા હત્યાની સંભાવના રહે છે. તે પૈકી હાલના કામે સર્વપ્રથમ જોઈએ તો રેકર્ડ પરનો પુરાવો જોતાં અકસ્માતે મરનારનું મૃત્યુ થયેલ છે તેવો કોઈ બચાવ આરોપી તરફે લેવામાં આવેલ નથી કે કોઈ સૂચક બચાવ પણ લેવામાં આવેલ નથી.

વધુમાં, આંક–૨૦ વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ વંચાણે લેવામાં આવે તો સામુહિક આરોગ્ય કેન્દ્ર, ગઢડા હોસ્પિટલના ડ્રેસીંગ રૂમની બહાર એક માનવ પુરૂષની લાશ સુવડાવેલ હોવાનું લાશની બાજુમાં ઉભેલ ઈસમ ઘેલુભા કરણુભા ગોહીલનાઓએ સદર લાશ તેમનાં નાના ભાઈ નીતુભા કરણુભા ગોહીલ હોવાનું જણાવેલ, લાશ જોતાં ચહેરાનાં ભાગે તથા માથાના પાછળના ભાગે લોહી લુહાણ, જમણી આંખનાં નેણ ઉપર ૩ ઈંચ જેટલો ઉંડો

ઘા તેમજ નેણ ઉપર ઘા, જમણા આંખની નીચેના ભાગે સોજો, ચામડી કાળી પડેલ, માથાના ભાગે એક–એક ઈંચના અંતરે કુલ ત્રણ કાપા જે કાપા ૩–૩ ઈંચ લંબાઈ તથા ૧–૧ ઈંચ ઉંડાઈ હોવાનુ,તેઓ પંચો તથા પોલીસનું માનવુ હોવાનુ જણાવેલ છે.

વધુમાં, આંક–૨૨ ના બનાવવાળી જગ્યાના પંચનામાની હકીકત ધ્યાને લેવામાં આવે તો બનાવવાળી જગ્યા નીતુભા કરણુભા ગોહીલની વાડીની ઓરડીમા તેમજ ઓરડી આગળ રહેલ છાપરામા આવેલ હોવાનું બનાવવાળી જગ્યાએ ફરીયાદી ઘેલુભા કરણુભા ગોહીલ હાજર હોવાનું અને તેઓએ બનાવવાળી જગ્યા બતાવતા બનાવવાળી જગ્યાએથી એફ.એસ.એલ. અધિકારી દ્રારા રાખ હટાવી જોતા રતાશ પડતા ભુખરા રંગના ડાઘા પડેલ જેમાંથી થોડી રાખ પંચો રૂબરૂ કબજે કરેલ હોવાનુ,બનાવવાળી જગ્યાએથી ચપ્પલ કબજે કરેલ હોવાનુ તેમજ ઓરડીમા ભોયતળીયે સિમેન્ટ કોંક્રીટનુ લીપણ છે જેના ઉપર ૩ ફુટના રતાશ પડતા ધાબામાથી એફ.એસ.એલ. અધિકારીની સુચના મુજબ એક કોટન થ્રેડ ઘસીને એક એફ.એસ.એલ. અધિકારીએ આપતા તે પંચો રૂબરૂ પંચો તથા પોલીસની સહીવાળી ચિઠ્ઠી મુકી સીલ પેક કરી એફ.એસ.એલ. તપાસ અર્થે કબજે કરેલ હોવાનું જણાવેલ છે ત્યારે તપાસની કાર્યવાહી જે કોઈ દ્રેષભાવ રાખી કે દુશ્મનાવટ રાખી, ખોટી તપાસ કરેલ હોય અને શંકાસ્પદ તપાસ થયેલી હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર જણાય આવતી નથી કે તેવી કોઈ હકીકત બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી તથા આરોપીની પંચનામાની વિગતે અટક કરી મુદામાલ કપડા, હથિયાર કબજે કરેલ છે આ હકીકતો ધ્યાને લેતા તપાસ કરનાર અમલદારે ખોટી તપાસ કરી હોય કે આરોપી સામે દ્રેષભાવ રાખીને ખોટા પુરાવા ઉભા કરી ખોટી રીતે સંડોવી દેવાના પ્રયત્ન કર્યા હોય તેવુ જણાતુ નથી.

આ કામે રજુ થયેલ ઈન્કવેસ્ટ પંચનામુ તથા આરોપીની અટક કરી કપડા તથા હથિયાર કબજે કર્યાના પંચનામાની હકીકતો વંચાણે લેતા તે ફરીયાદપક્ષ પુરવાર કરવામાં સફળ રહેલ હોવાનુ જણાય આવે છે.

**૨૪.** હવે, એક જ વિકલ્પ જણાય છે કે, મરણ જનારની હત્યા કરવામાં આવેલ છે. મનુષ્યવધ એટલે માનવી દ્વારા માનવીની હત્યા તેવો નિર્દોષ આપે છે. મનુષ્યવધમાં જ્યારે અપરાધના તત્વો ઉમેરાય ત્યારે તેને સાપરાધ મનુષ્યવધ કહેવામાં આવે છે. મનુષ્યવધનો કિસ્સો છે કે કેમ? તે માટે પુરાવામાં મહત્વનો પુરાવો તબીબી પુરાવો જોઈએ તો જે નીચે મુજબ છે.

**૨૫.** ફરીયાદપક્ષ દ્વારા આંક–૧૬ થી ડો. દિવ્યેશકુમાર કેશવજીભાઈ વડગામાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ સરતપાસમા જણાવેલ છે કે,તા. ૧૭/૧૨/૨૦૨૩ ના રોજ તેઓ સર ટી. હોસ્પિટલ ભાવનગર ખાતે પેનલ ડૉકટર શ્રી અમીતકુમાર તથા બી.એફ.જાડેજા સાથે ફરજ પર હાજર હતા ત્યારે ગઢડા પો.સ્ટે.ના એ.એસ.આઈ. આર.કે.ગોહીલ બ.નં.૭૨૬ વાળા નીતુભા કરણુભા ગોહીલનુ શબ, પરીક્ષણ માટેની યાદી, ઈન્કવેસ્ટ પંચનામુ, મરણોત્તર ફોર્મ, ગઢડા સરકારી હોસ્પીટલના ડોકટરશ્રીનો રીફર લેટર તથા બોટાદ એસ.પી. શ્રીના લેટર સાથે લઈને આવેલા તેઓના સાથી પેનલ ડો.શ્રી અમીતકુમારે સદર યાદી સવારના ૦૯/૨૦ વાગ્યે મેળવેલી, તેઓ પેનલ ડોકટરશ્રીએ શબનુ પી. એમ. તે જ તારીખના રોજ સવારના ૦૯/૩૦ થી શરુ કરી બપોરના ૧૧/૧૫ કલાકે પુરુ કરેલુ,શબની બાહય તપાસ કરતા શબ પર જોવા મળેલ કપડા અને કપડા પરના તથા શરીર પરના લોહીના ડાઘાઓનુ વર્ણન પી.એમ. નોટના કોલમ નં. ૭, ૮ અને ૯ મુજબનુ છે. શબ ઠંડુ અને સામાન્ય બાંધાનુ હતુ,શબ અકડાવવાની પ્રક્રિયા પુર્ણ શરીર પર જોવા મળતી હતી, પી.એમ. લીવીડીટી શબના પાછળના ભાગે દબાણ સિવાયના ભાગે જાંબલી રંગની અને ફીકસ પ્રકારની હતી.શબની બાહય તપાસમાં જે મુજબની ઈજાઓ જોવા મળેલ તે પૈકી ઈજા નં.૧– માથાના જમણા ભાગે જમણા નેણથી ઉપર ૫.૫ × ૩ સેમીનો હાંડકા સુધીનો ઉંડો છુંદાયેલો ઘા હતો,ઈજા નં.૨– જમણા નેણની અંદરના ભાગે ૧ X ૦.૬ સેમીનો પેશીઓ સુધીનો ઉંડો છુંદાયેલો ઘા હતો,ઈજા નં.૩– ઈજા નં.૧ ની ૦.૫ સેમી ઉપર ૮ X ૧ સેમીનો છોલાયેલો ઘા હતો,ઈજા નં.૪– ઈજા નં.૩ ની ૦.૫ સેમી ઉપર મધ્ય રેખાથી ૦.૫ સેમી જમણી બાજુ ૩.૫ × ૧ સેમીનો છોલાયેલો ઘા હતો,ઈજા નં.૫– જમણી

આંખમા નીચેની બાજુ ૪ X ૨ સેમીનું હાંડકા સુધીનું ઉડુ ચકાવ્યુ હતું, ઈજા નં.૬– માથાની જમણી બાજુ૬.૫ × ૦.૫ સેમીનો હાંડકા સુધી ઉંડો સુંદાયેલો થા હતો, ઈજા નં.૭– ઈજા નં.૬ થી ૨ સેમી નીચે માથાના પાછળના ભાગમાં ૭ × ૦.૫ સેમીનો હાંડકા સુધી ઉંડો છુંદાયેલો ઘા હતો,ઈજા નં.૮– ઈજા નં.૭ થી એક સેમી નીચે ૭X ૦.૫ સેમીનો હાંડકા સુધી ઉંઠો અંગ્રેજીમા વાય આકારનો છુંદાયેલો ઘા હતો,ઈજા નં.૯– જમણી આંખના બહારના ખુણાથી બે સેમી બહારની બાજુ માથાના જમણા ભાગમા ૩ X ૨.૫ સેમીનો હાંડકા સુધી ઉંડો ચકામાયુકત ઉઝરડો હતો,ઈજા નં.૧૦– મોં ની જમણી બાજુની જાયગોમેટીક જગ્યાએ ૨ x ૧ સેમીનો હાંડકા સુધી ઉંડો ચકામાયુકત ઉઝરડો હતો અને તેની નીચેનુ હાંડકુ ફેકચર થયેલુ હતુ,ઈજા નં.૧૧– નાકના ઉપરના ભાગે ૧ × ૦.૫ સેમીનો પેશીઓ સુધી ઉંડો ચકામુ હતુ, તેની નીચેનુ નાકનુ હાંડકુ ફેકચર થયેલુ હતુ,ઈજા નં.૧૨– ઉપરના હોઠની અંદરની બાજુ જમણા ભાગે ૨ x ૦.૫ સેમીનો પેશીઓ સુધી ઉંડો છુંદાયેલો ઘા હતો,ઈજા નં. ૧૩– નીચેના હોઠની અંદરની બાજુ જમણા ભાગે ૨ X ૧ સેમીનો પેશીઓ સુધી ઉડો ચકામુ હતુ,ઈજા નં.૧૪– જમણા ગોઠણના આગળના ભાગે ૨.૫ X ૧ સેમીનો છોલાયેલો ઘા હતો, ઈજાઓ મૃત્યુ પહેલાની અને તાજી હતી,દરેક ઈજાઓ ઘાટા લાલ રંગની હતી અને બ્લન્ટ વસ્તુના ફોર્સથી થયેલી હોય તેવો ડોકટરશ્રીનો અભિપ્રાય છે. શબની આંતરીક તપાસ કરતા માથાના જમણા ફ્ન્ટોપરાઈટો ટેમ્પોરો અને ઓકઝીપીટલ ભાગમા જામેલુ લોહી જોવા મળેલ હતુ,માથાના જમણા ભાગમા અને પાછળના ભાગે કમીન્યુટેડ પ્રકારનુ ફેકચર જોવા મળેલ હતુ, આ ફેકચરની કિનારીમા રકતસ્ત્રાવ જોવા મળેલ હતો. મગજની ફરતી બાજુ સબડયુરલ અને સબએૅરેકનોઈડ હેમરેજ જોવા મળેલ હતુ. ફેકચરની જગ્યાએ મગજના આવરણો તુટી ગયેલ હતા, મરણજનારનું મૃત્યુ, માથા અને ચહેરા પર થયેલ ઈજાઓના કારણે રકતસ્ત્રાવ થવાથી થયેલુ તે પ્રમાણેનો પેનલ ડોકટરશ્રીઓએ અભિપ્રાય આપેલ, જે અંગેનો પી.એમ. રીપોર્ટ આંક–૧૮ થી રજુ હોવાનો અને તેમા તેઓ તથા પેનલ ડોકટર બી.એફ.જાડેજાની સહી હોવાનુ જણાવેલ છે વધુમા જણાવેલ છે કે તેઓએ લાશ પરના કપડા તથા જરૂરી સેમ્પલો લઈ એફ.એસ.એલ.ચકાસણી અર્થે ફોરવડીંગ પત્ર તૈયાર કરી,હાજર પોલીસ કર્મચારીને સોંપી આપેલ, જે

પત્રમાં તેઓ તથા ડો. બી.એફ.જાડેજા સહી હોવાનુ જણાવી તે આંક–૧૯ થી રજુ હોવાનું જણાવેલ છે.

મેડીકલ ઓફીસરશ્રીની આરોપીના વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, પરંતુ મરણ જનાર નીતુભા કરણુભા ગોહીલનુ મૃત્યુ અકુદરતી એટલે કે સાપરાધ મનુષ્યવધ થયેલ ન હોવાનું રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

**૨૬.** ઉપરોકત મેડીકલ ઓફીસરશ્રીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ મરણ જનારની લાશનું પી.એમ. કરી, આંક–૧૮ વાળો પોસ્ટમોર્ટમ રીપોર્ટ તૈયાર કરેલ હોવાનુ ફલીત થાય છે. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૪૫ વંચાણે લેવામાં આવે તો નિષ્ણાતનો અભિપ્રાય પ્રસ્તુત ગણાય. તે આ કલમનો વિષય છે. આ અભિપ્રાય માત્ર અભિપ્રાય દર્શાવતો પુરાવો છે. નિષ્ણાંત તરીકે અભિપ્રાય આપનાર વ્યક્તિ પણ એક માત્ર સાહેદ જ ગણાય. નિષ્ણાતનો પુરાવો નિર્ણાયક સાબિતી ગણાય નહી તે કારણે આ પ્રકારના પુરાવાને અન્ય પુરાવાની સમકક્ષ ગણીને તેનું મુલ્યાંકન કરવું જોઈએ.આ પુરાવો મુખ્ય પુરાવો (substantive evidence) ગણાય નહી, માત્ર સમર્થન આપતો પુરાવો ગણાય. છતાં પણ, બહુધા નિષ્ણાંત બિનપક્ષપાતી સાહેદ ગણાય છે. આ કામે ડોકટરશ્રીએ જે અભિપ્રાય આપેલ છે તેમા ઉપર કરેલ ચર્ચા મુજબ ડોકટરશ્રીએ પોતાના પુરાવામાં મરણ જનારનું ફેકચરની જગ્યાએ મગજના આવરણો તુટી ગયેલ હતા, મરણજનારનું મૃત્યુ, માથા અને ચહેરા પર થયેલ ઈજાઓના કારણે રકતસ્ત્રાવ થવાથી થયેલુ હોવાનો અભિપ્રાય આપેલ છે અને આવી કોઈ હકીકતથી વિરુધ્ધની કોઈ હકીકત બચાવપક્ષનાઓ રેકર્ડ ઉપર લઈ આવેલ નથી, ત્યારે મરણજનાર નીતુભા કરણુભા ગોહીલનુ મૃત્યુ કુદરતી કે આકસ્મિક ન હોય, સાપરાધ મનુષ્ય વધ હોવાનું સાબિત થતુ હોય, **મુદા નં–૧** નો જવાબ તે રીતે **"હકારમાં"** આપવામાં આવે છે.

**<u>મુદા નંબર–૨,૩ સંયુકત ચર્ચા :</u>**

હાલના કેસની ચર્ચા કરતાં પહેલાં ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ખાસ કરીને નામદાર જુદી–જુદી વડી અદાલતો અને નામદાર સુપ્રિમ કોર્ટના જુદા–જુદા ચુકાદા અન્વયે સંપુર્ણ પણે એટલે કે, નિ:શંકપણે અને સચોટપણે પુરવાર કરવો જોઈએ. નામદાર સુપ્રિમ કોર્ટના તાજેતરના જુદા જુદાચુકાદાઓ મુજબ ઘઉંમાંથી કાંકરા નહી પરંતુ કાંકરામાંથી ઘઉં શોધવાના હોય છે એટલે કે, નામદાર સુપિમ કોર્ટના ધ્યાન ઉપર આવેલ છે કે, ફરીયાદ પક્ષના કેસમાં ક્યારેક નબળાઈ, ખોટ અથવા તો અધૂરાપણું જણાતું હોય છે, પરંતુ તેને કારણે અથવા તો ફરીયાદ પક્ષના તપાસ કરનાર અમલદારની બેદરકારીના કારણે ફરીયાદ પક્ષનો કેસ સંપુર્ણ પણે ફેંકી દઈ શકાય નહી કારણ કે સત્ય એ સત્ય જ રહે છે. એટલું જ નહી પરંતુ ફરીયાદ પક્ષના કેસની તપાસ કરનાર અમલદારશ્રી ખોટી રીતે તહોમતદારને કોઈ પણ ગુનામા સંડોવી દીધેલ હોય તો સ્વાભાવિક રીતે અદાલતે સંપુર્ણ રીતે જાગૃત રહીને નિર્દોષ વ્યક્તિને સજા ન થઈ જાય અને તે જ રીતે તહોમતદાર સજામાથી કે ગુનામાથી છટકી ન જાય તે પણ બાબત નમ્રતાપણે ફોજદારી અદાલતે જોવાની હોય છે. તેવી જ રીતે ફરીયાદ પક્ષના કેસમા ઘણા બધા સાક્ષીઓને તપાસ્યા છે કે કેમ ? એટલે કે ફરીયાદ પક્ષના સાક્ષીઓનો જથ્થો (Quantity) જોવાનો હોતો નથી, પરંતુ ફરીયાદ પક્ષના જે–જે સાક્ષીઓની જુબાની થઈ હોય તેની લાયકાત (Quality) જોવાની હોય છે એટલે કે પુરાવાનુ છે મુલ્યાંકન રીતે કરવાનુ હોય તે રીતે કરીને સત્ય હકીકત બહાર આવે અને "વિકટીમોલોજી" એટલે કે ભોગબનનારને ન્યાય મળી શકે અને ફોજદારી કાયદા અન્વયેના સિધ્ધાંત જળવાઈ રહે અને તહોમતદારને પુર્વગ્રહ ન થાય તે તમામ પાસાઓ અદાલતે તપાસવાના હોય છે. નામદાર સુપ્રિમ કોર્ટના તાજેતરના ચુકાદાઓ પ્રમાણે માત્ર એક સાક્ષી માનવા લાયક, ભરોસાપાત્ર, કુદરતી અને વિશ્વાસ લાયક હોય તો તેની જુબાની માનીને પણ સજા થઈ શકે. તેજ રીતે ફરીયાદ પક્ષે ૪૦–૫૦ સાહેદો તપાસેલા હોય અને માનવા લાયક, કુદરતી, ભરોસાપાત્ર તેમજ વિશ્વાસપાત્ર ન હોય તો ૪૦–૫૦ સાહેદોની જુબાની પણ ન માનીને તહોમતદારને નિર્દોષ ઠરાવી શકાય છે. ટુંકમા દરેક કેસના સંજોગો અને હકીકતો અલગ–અલગ હોય છે.

**"પુરાવાનું મુલ્યાંકન"**

ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ પુરાવાનું મુલ્યાંકન શબ્દને પુરાવાના કાયદામાં કયાય વ્યાખ્યાબધ્ધ કરવામા આવેલ નથી કે કોઈ નિયમ નથી, પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારીત છે. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામા આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જયારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહીતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરુધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જયાં સુધી એવી હકીકત સાબિત કરવામા ન આવે કે સાહેદને ખોટુ બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમા સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદ પક્ષ ધ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે દરેક કેસની હકીકતો પુરાવો આજુબાજુના પરિબળો તે તમામે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. **નામદાર સર્વોચ્ચ અદાલતે ૨૦૧૦ ક્રિમીનલ લો જર્નલ પાના નં. ૩૮૮૯ સ્ટેટ ઓફ યુ.પી. વિરૂધ્ધ ક્રિષ્ના માસ્તર**ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ જયારે કોઈ ફોજદારી કેસમા કેસની પરીસ્થિતિના તમામ પરીબળો તેમ જ ફરીયાદ પક્ષ તરફથી રજૂ કરવામા આવેલ પુરાવાનુ મુલ્યાંકન કરવાનું હોય ત્યારે તેમા વિરોધાભાસ, અતિરેકના કારણે ફરીયાદ પક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે, કારણ કે ક્યારેક આવી વિસંગતતા, વિરોધાભાષ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન કરતા હોય

છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી ના બેસે તેમજ સાહેદોની દિવસો સુધી લાંબી લાંબી ઉલટ તપાસ કરવામાં આવતી હોય ત્યારે સ્વાભાવીક રીતે જ તેઓના પુરાવામા વિરોધાભાષ, અતીરેક આવે. સદર ચુકાદાની હેડ નોટ એ. બી. સી.ડી. જોતા તે નીચે મુજબ છે.

A. Evidence Act sec.3– Oral Evidence– minor discrepancies–not touching core of case–cannot be ground for rejection of evidence in entirety–minor omission in police statement–never considered to be fatal.

B. Evidence sec.–3 Oral Evidence–appreciation–deficiencies, drawbacks and infirmities in evidence–need to be evaluated to find out whether they go against general tenor of evidence. Act

C Evidence Act sec.3– Oral Evidence –discrepancies–normally exist–they are due to errors of observation, mental disposition, shock and horror at time of incident–unless they go to root of matter–such discrepancies do not make evidence unreliable.

D. Evidence Act sec.3– Rustic witness appreciation of evidence witness subjected to grueling cross–examination for many days–inconsistencies are bound to occur in his evidence–they should not be blown out of proportion.

નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે ફરીયાદ પક્ષ ધ્વારા રજૂ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને મુલ્યાંકન કરવું જોઇએ, માત્ર ટેકનીકલ કારણોસર આખોય પુરાવો ડીસકાર્ડ કરવો જોઈએ નહીં. સાહેદે આપેલી જુબાની કઈ પરીસ્થિતિમા આપેલ છે, કઈ પરીસ્થિતિમા બનાવ બનેલ છે, બનાવ બન્યા બાદની સ્થિતિ, સાહેદનું જ્ઞાન, બનાવ વખતના પરીબળો, કેવા સંજોગોમા જુબાની

આપેલ મુલ્યાંકન કરવું જોઈએ. હકીકતોને અનુલક્ષીને પુરાવાનુ મુલ્યાંકન કરવુ જોઈએ.

**૨૮.** આમ, સાંયોગીક પુરાવા આધારેનો હાલનો સમગ્ર કેસ ફરીયાદપક્ષ લઈ આવેલ છે ત્યારે, સાંયોગીક પુરાવા બાબતે નામદાર ઉપલી અદાલતો દવારા પ્રસ્થાપિત કરવામાં આવેલ ચુકાદાઓ છે કે, કોઈપણ આરોપીને જયારે સાંયોગીક પુરાવાના આધારે તકસીરવાન ઠરાવવામાં આવે ત્યારે આરોપીને દોષી કરાવવાના સમર્થનમાં આધાર રાખેલ સંજોગી સ્પષ્ટપણી સાબિત થવા જોઈએ અને તે સંજોગો દ્વારા પુરી પાડતી પુરાવાની સાંકળ એવી રીતે થવી જોઈએ કે તેથી આરોપી નિર્દોષ હોવાના નિર્ણય ઉપર આવવા માટે કોઈ વ્યાજબી કારણ રહે નહી. આરોપી દોષી ઠરાવવાના જે સંજોગો પુરવાર કરેલ હોય તે સંજોગો સંપુર્ણપણે સાબિત થવા જોઈએ અને સાબિત થયેલ તમામ સંજોગો નિર્ણાયક પ્રકારના હોવા જોઈએ અને આરોપીના ગુનાને માની લેવા સાથે જ સુસંગત હોવા જોઈએ. વધુમાં, આરોપીએ ગુનો કરેલ હોવાની સાબિતી સિવાય બીજુ કાંઈપણ માની લેવાનું સમજાવવા માટે સમર્થનકારક હોવા જોઈએ નહી અને તે તમામ સંજોગોને એક સાથે રાખવાથી આરોપીએ જ માત્ર ગુનો કરેલ છે તેમ સ્પષ્ટપણે પુરવાર થવું જોઈએ. **નામદાર સર્વોચ્ચ અદાલત દવારા પડાલા વીરા રેડી વિરુધ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશનો ચુકાદો એ.આઈ.આર.૧૯૯૦ (એસ.સી.) પેજ નં.૭૯** ઉપર પ્રસ્થાપિત થયેલ છે તેમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા સાંયોગીક પુરાવામાં કોઈપણ આરોપીને તકસીરવાન ઠરાવવા માટે ચાર પરિબળો દર્શાવેલ છે તે નીચે મુજબ છે.

(૧) જો સંજોગોના આધારે આરોપીને તકસીરવાન ઠરાવવા માટે અનુમાનો કરવામાં આવેલ હોય તે સ્પષ્ટપણે પુરવાર થવા જોઈએ.

(૨) તે સંજોગો કોઈપણ શંકા વગર આરોપી તકસીરવાન છે તેવું માનવા પ્રેરત હોવા જોઈએ.

(૩) જ્યારે બધા જ સંજોગોને ભેગા કરવામાં આવે તો તે એવા સંજોગોની કોઈપણ સામાન્ય સમજનો માણસ સંજોગોને નકારી ન શકે કે આરોપીએ જ ગુનો કરેલ છે અને અન્ય કોઈએ નહી.

(૪) સાંયોગીક પુરાવાના કેસમાં કોઈપણ વ્યક્તિને તકસીરવાન ઠરાવવા માટે એવો પુરાવો હોવો જોઈએ કે આરોપી તકસીરવાન નથી તેવા અનુમાનનો પણ અવકાશ ન હોય અને પુરાવો એટલો સાતત્યપુર્ણ હોય કે એવું સ્પષ્ટ ફલીત થાય કે આરોપી પોતે જ તકસીરવાન છે.

**૨૮.૧** નામદાર સુપ્રિમ કોર્ટે તાજેતરમાં **કટ્ટાવેલ્લાઈ ઉર્ફે દેવાકર વિરુધ્ધ તામીલનાડુ રાજ્યનો ક્રિમીનલ અપીલ નં-૧૬૭૨/૨૦૧૯ના કામે તા. ૧૫/૭/૨૦૨૫ ના રોજના ચુકાદાના પેરેગ્રાફ નં.૧૧** મા શ્રેણીબધ્ધ ચુકાદાઓ ધ્યાને લઈ નીચે મુજબ ઠરાવેલ છે,

11. The law on this count is exceptionally well settled, and although it does not require to be elaborately restated, we will refer to a few judgments for the purposes of immediate recall.

1.1 In Hanumant v. State of M.P (1952) 2 SCC 71, a three-Judge Bench of this Court, speaking through Mehr Chand Mahajan, J., (as his Lordship then was) observed thus:

"12. It is well to remember that in cases where the evidence is of a circumstantial nature, the circumstances from which the conclusion of guilt is to be drawn should in the first instance be fully established, and all the facts so established should be consistent only with the hypothesis of the guilt of the accused. Again, the circumstances should be of a conclusive

nature and tendency and they should be such as to exclude every hypothesis but the one proposed to be proved. In other words, there must be a chain of evidence so far complete as not to leave any reasonable ground for a conclusion consistent with the innocence of the accused and it must be such as to show that within all human probability the act much have been done by the accused."

11.2 Sharad Birdhichand Sarda v.State of Maharashtra (1984) 4 SCC 116 lays down the 'Panchsheel Principles which are extracted below:-

"153. A close analysis of this decision would show that the following conditions must be fulfilled before a case against an accused can be said to be fully established: (1) the circumstances from which the conclusion of guilt is to be drawn should be fully established. It may be noted here that this Court indicated that the circumstances concerned "must or should" and not "may be" established. There is not only a grammatical but a legal distinction between "may be proved" and "must be or should be proved as was held by this Court in Shivaji Sahabrao Bobade v. State of Maharashtra [(1973) 2 SCC 793: 1973 SCC (Cri) 1033: 1973 Crl LJ 1783] where the observations were made: [SCC para 19, p. 807: SCC (Cri) p. 1047)

"Certainly, it is a primary principle that the accused must be and not merely may be guilty before a court

can convict and the mental distance between 'may be and 'must be' is long and divides vague conjectures from sure conclusions."

(2) the facts so established should be consistent only with the hypothesis of the guilt of the accused, that is to say, they should not be explainable on any other hypothesis except that the accused is guilty.

(3) the circumstances should be of a conclusive nature and tendency,

(4) they should exclude every possible hypothesis except the one to be proved, and

(5) there must be a chain of evidence so complete as not to leave any reasonable ground for the conclusion consistent with the innocence of the accused and must show that in all human probability the act must have been done by the accused."

ઉપરોકત સંજોગોમા પ્રોસીકયુશને આરોપી સામેનુ શંકારહીત સાબિત કરવું પડે અને જો પ્રોસીક્યુશનનાં કેસમાંથી વાજબી શંકા ઉત્પન્ન થતી હોય તો તેનો લાભ હમેશાં આરોપીને મળવાને પાત્ર થતો હોય છે. જયારે પ્રોસીકયુશનના ખુદના કેસમાંથી પ્રોસીકયુશને રજુ કરેલ પુરાવામાંથી જો શંકા ઉત્પન્ન થતી હોય અગર તો ઉદ્દભવતી હોય તો તેવી શંકાને વાજબી શંકા કહી શકાય અને તેનો લાભ આરોપીને મળી શકે, પરંતુ શક્યતાઓ આધારીત કે અટકળો આધારીત ઉભી કરાયેલી શંકાને વાજબી શંકા કહેવાય નહી અને તેનો લાભ આરોપીને મળે નહીં. ન્યાયશાસ્ત્રનાં સુસ્થાપિત સિધ્ધાંત મુજબ જયાં સુધી આરોપી સામેનો કેસ સાબિત થાય નહી ત્યાં સુધી આરોપી નિર્દોષ

છે તેમ માનીને ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હોય છે. આરોપીએ 'ગુનો કર્યો છે' અને 'ગુનો કર્યો હશે' તે બંને વચ્ચે ઘણું લાંબુ અંતર રહેલું અને આવું લાંબુ અંતર પ્રોસીક્યુશને જ સચોટ અને શંકારહીત પુરાવો રજુ કરીને કાપવાનું હોય છે. આમ, કાયદો પ્રોસીકયુશન પાસે શ્રેષ્ઠ પુરાવાની અપેક્ષા રાખે છે. ફોજદારી ન્યાયશાસ્ત્ર મુજબ વાજબી શંકાનો લાભ અને શ્રેષ્ઠતમ પુરાવાની અપેક્ષા એ બે અભિગમો પ્રવર્તે છે. આરોપી વિરુધ્ધ ગમે તેટલી મજબુત શંકા હોય તો પણ શંકા એ શંકા જ રહે છે. શંકા કદી પુરાવાનું સ્થાન લઈ શકતી નથી. વળી, ન્યાયાધિશે બે પ્રકારની ભુમિકા અદા કરવાની છે જેમાં એક નિર્દોષને ખોટી રીતે સજા ન થઈ જાય તે જોવાનું હોય છે, તે જ રીતે એક દોષિત કરેલા ગુનામાંથી છટકી ન જાય તે પણ જોવાનું હોય છે. ન્યાયાધિશે સત્યનું શોધન કરવાનું હોય છે. નાની–મોટી વિસંગતતાઓ કે વિરોધાભાસોને અવગણવાની હોય છે અને કાયદેસર નાં અને મહત્વનાં પુરાવાને હમેશાં નજર માથે રાખવાનો હોય છે. દરેક કેસમાં નાની–મોટી વિસંગતતા કે વિરોધાભાસો આવતાં જ હોય છે પરંતુ જો આવી વિસંગતતા કે વિરોધાભાસ પ્રોસીક્યુશનના કેસને મુળમાંથી અસરકર્તા ન હોય તો તેની અવગણના કરવાની હોય. છે, દરેક સાહેદની વર્તણુંક, સ્મરણ શક્તિ, વિચારવાની શક્તિ અને અવલોકન શક્તિ જુદી જુદી હોય છે.આવા સંજોગોમા તમામ પાયાનાસિધ્ધાંતોને નજર મધ્યે રાખીને કેસનો નિકાલ કરવાનો રહે છે.

**ઉપરોકત કાયદાકીય અવલોકનો ધ્યાને લઈ હાલના કામે આરોપી સામે જે સાંયોગીક પુરાવો મળી આવેલ છે તે પુરાવો એવો છે કે જે સંજોગોની સાંકળની રચના એવી રીતે કરે છે કે હાલના આરોપી વિરુધ્ધ ગુનો પુરવાર કરી તેઓએ જ ગુજરનારની હત્યા કરી છે તે પુરવાર કરવા પુરતો છે કે કેમ? આરોપી સામે મળી આવેલ સાંયોગીક પુરાવા નીચે મુજબ છે. આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા હાલના આરોપી વિરુધ્ધ જે સંજોગો દર્શાવવામાં આવેલ છે અને તે લગત પુરાવો આપવામા આવેલ છે તે ઉપરોકત સમજ સાથે જોઈએ તો તે સંજોગોના પુરાવાથી આરોપી સામે જે સંજોગોની સાંકળ પુરાવાથી ઉપસ્થિત કરવામા આવેલ છે તે નીચે મુજબ લેખી શકાય.**

**<u>આરોપીનો ગુનો કરવાનો હેતુ.</u>**

**30.** સાંયોગીક પુરાવા ઉપરના કેસમા આરોપીનો ગુનો કરવા પાછળનો મોટીવ મહત્વનો છે. જો કોઈ કેસમાં નજરે જોનાર સાહેદો હોય તો, મોટીવ પુરવાર કરવાની જરૂર નથી. નામદાર સુપ્રિમ કોર્ટ **બિપીનકુમાર વિરુધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ એ.આઈ.આર. ૨૦૧૦ સુપ્રિમ કોર્ટ ૩૬૩૮** ઉપરના ચુકાદાના પેરેગ્રાફ નં.૧૯ તથા ૨૦ માં એમ ઠરાવેલ છે કે, સાંયોગીક પુરાવા ઉપરના ખુન કેસમાં ગુનો કરવા પાછળનો મોટીવ એ એક મહત્વનું પાંસુ છે. જો, બનાવના સંદર્ભમાં ડાયરેકટ એવીડન્સ ગુનો પુરવાર કરવા માટે મળી આવતો હોય તો પછી આરોપીનો ગુનો કરવા પાછળનો મોટીવ સાબિત કરવો જરૂરી નથી. અન્યથા, આવા કિસ્સામાં મોટીવ સાબિત કરવો જ પડે.

વળી, નામદાર સુપ્રિમ કોર્ટે **મુનીશ મુબાર વિ. સ્ટેટ ઓફ હરીયાણા (૨૦૧૨) ૧૦ સુપ્રિમ કોર્ટ કેસીસ ૪૬૪** ઉપરનાં ચુકાદામાં પેરા–૩૦ માં ઠરાવેલ છે કે, સાંયોગીક પુરાવાઓ ઉપરનો કેસ હોય ત્યારે આરોપીનો ગુનો કરવા પાછળનો મોટીવ એ એક મહત્વનું પાસુ છે અને જો મોટીવ પુરવાર ન થાય તો સંજોગોની તમામ કડી સાબિત થયેલી માની શકાય નહી. નામદાર સુપ્રિમ કોર્ટે એમ પણ ઠરાવેલ છે કે, પુરાવાના દરેક પાસાનું અદાલતે મુલ્યાંકન કરવાનુ રહે છે અને શંકા, લાગણી અથવા તરંગી વિચારોને આધારે મોટીવ સાબિત થયેલો ગણી શકાય નહી. આમ, આ રીતે જોઈએ તો મોટીવ એ એક મહત્વનું પાસુ છે અને શંકા ગમે તેટલી મજબુત હોય પરંતુ તે સાબીતીનુ સ્થાન લઈ શકે નહી. વળી,જો સાંયોગીક પુરાવા ઉપરના કેસમાં પુરાવા ઉપરથી બે વ્યુહ શક્ય હોય તો, જે વ્યુહ આરોપીની તરફેણમાં હોય તે અદાલતે અપનાવવો જોઈએ.

**૩૦.૧** નામદાર સુપ્રિમ કોર્ટે તાજેતરમા **સુભાષ અગ્રવાલ વિરુધ્ધ સ્ટેટ ઓફ એન.સી.ટી.ઓફ દિલ્હીનો ચુકાદો CRIMINAL APPEAL No. of** 2025 (**@ Special Leave Petition** (**Cri.**) **No.**1069 **of** 2025) ના કિસ્સામા તા. ૧૭/૪/૨૦૨૫ રોજના ચુકાદાના પેરેગ્રાફ નં.**૨૦ થી ૨૪** મા શ્રેણીબધ્ધ ચુકાદાઓ ધ્યાને લઈ નીચે મુજબ ઠરાવેલ છે .

20. The declaration in the cited decisions and the decisions relied on therein, is to the effect that if the case is built solely upon circumstantial evidence, absence of motive will be a factor that weighs in favour of the accused. Just as a strong motive does not by itself result in a conviction, the absence of motive on that sole ground cannot result in an acquittal. When the eyewitnesses are not convincing, a strong motive cannot by itself result in conviction, likewise when the circumstances are very convincing and provide an unbroken chain leading only to the conclusion of guilt of the accused and not to any other hypothesis; the total absence of a motive will be of no consequence.

21. We extract paragraph 17 from a three-judge bench decision, Jan Mohammad v. State of Bihar (1953) 1 SCC 5; which also is of vintage flavour, succinctly putting forth the proposition: "Motive is a relevant fact under the Evidence Act (Section 8). It is an important element in a chain of presumptive proof where the evidence is purely circumstantial, but it may lose importance in a case where there is direct evidence by witnesses implicating the accused. in a case such as the present where the prosecution evidence itself shows that the relations between the deceased and the appellants were cordial, the absence of an apparent motive, though not necessarily fatal to the prosecution case, may reasonable be regarded as a fact in favour of the

accused. We think, therefore, that the attempt to prove a motive against any of the appellants has failed." [sic]

22. **Suresh Chandra Bahri v. State of Bihar 1995 Supp (1) SCC 80** held that in a case based on circumstantial evidence, proof of motive would 'supply a link in the chain of circumstances but all the same, absence of motive cannot be a ground to altogether reject the prosecution case. Para 21 reads as follows:

"21. At the very outset we may mention that sometimes motive plays an important role and becomes a compelling force to commit a crime and therefore motive behind the crime is a relevant factor for which evidence may be adduced. A motive is something which prompts a person to form an opinion or intention to do certain illegal act or even a legal act but with illegal means with a view to achieve that intention. In a case where there is clear proof of motive for the commission of the crime it affords added support to the finding of the court that the accused was guilty of the offence charged with. But it has to be remembered that the absence of proof of motive does not render the evidence bearing on the guilt of the accused nonetheless untrustworthy or unreliable because most often it is only the perpetrator of the crime alone who knows as to what circumstances prompted him to a certain course of action leading to the commission of the crime....."
(underlining by us for emphasis)

23. **Sukhpal Singh v. State of Punjab** (2019) 15 **SCC 622** found that if prosecution establishes motive, it will undoubtedly strengthen the prosecution case, but to say that absence of motive will be fatal to the prosecution, irrespective of other material before the court in the form of circumstantial evidence is far–fetched. Para 15 reads as follows:

"15. The last submission which are called upon to deal with is that there is no motive established against the appellant for committing murder. It is undoubtedly true that the question of motive may assume significance in a prosecution case based on circumstantial evidence. But the question is whether in a case of circumstantial evidence inability on the part of the prosecution to establish a motive is fatal to the prosecution case, we would think that while it is true that if the prosecution establishes a motive for the accused to commit a crime it will undoubtedly strengthen the prosecution version based on circumstantial evidence, but that is Far cry from saying that the absence of a motive for the commission of the crime by the accused will irrespective of other material available before the court by way of circumstantial evidence be fatal to the prosecution. In such circumstances, on account of the circumstances which stand established by evidence as discussed above, we find no merit in the appeal and same shall stand dismissed.

(underlining by us for emphasis)

**24.** Motive remains hidden in the inner recesses of the mind of the perpetrator, which cannot, oftener than ever, be ferreted out by the investigation agency. Though in a case of circumstantial evidence, the complete absence of motive would weigh in favour of the accused, it cannot be declared as a general proposition of universal application that, in the absence of motive, the entire inculpatory circumstances should be ignored and the accused acquitted.

ઉપરોકત ચુકાદા વંચાણે લેતા કહી શકાય છે કે, સાંયોગીક પુરાવાના કિસ્સામા હેતુનો સદંતર અભાવ તે આરોપીની તરફેણમા જાય છે પરંતુ એવુ સાર્વત્રિક રીતે લાગુ નિયમ કહી શકાય નહી કે હેતુની સદંતર ગેરહાજરી કે તે પુરવાર ન થવાના કારણસર આરોપી સામેના તમામ સંજોગો કે જે આરોપીને ગુના સાથે સાંકળે છે તેની અવગણના કરી આરોપીને મુકત કરી દેવો જોઈએ.

**૩૧.** આ કામના આરોપી કિરણભાઈને જયંતિભાઈ નમાભાઈ નાયકની દીકરી લક્ષ્મીબેન સાથે પ્રેમ સબંધ હોય અને તેની સાથે સગાઈ કરવા બાબતે તેઓએ લક્ષ્મીબેનના પિતાએ નીતુભાને જાણ કરેલ અને ગુજરનારે આરોપીને ઠપકો આપેલ અને વધુમા તેઓ જણાવે છે કે, ગુજરનારનારને ખેતીના કામે આરોપીના બહેન સાથે વાતચીત થતી તે બંને બાબતનુ આરોપીને મનદુઃખ ગુજરનાર નીતુભા સાથે હતુ. આ અંગેનો પુરાવો જોતા, ફરીયાદી ઘેલુભા કરણુભા ગોહીલ તેમની સોગંધ ઉપર જણાવે છે કે, આરોપીને બાજુની વાડીમા ભાગીયા તરીકે કામ કરતા અને તેને ભાગીયાની દીકરી લક્ષ્મીબેન સાથે પ્રેમસબંધ હોય, આ અંગેની વાત લક્ષ્મીબેનના પિતાએ નીતુભાને કરેલી હોય, તે બાબતે નીતુભાએ કીરણભાઈને ઠપકો

આપેલ હોય અને આરોપી ૧૫–૨૦ દિવસ વાડીએથી જતા રહેલા ત્યારબાદ તેમના ભાઈ ભારૂભા આરોપીને પરત વાડીએ લાવેલા. વધુમા તેઓ જણાવે છે કે, આરોપીના બહેન પણ નીતુભાની વાડીએ કામ કરતા હતા ત્યારે કામ બાબતે નીતુભા તેઓની બહેન સાથે વાતચીત કરતા હોય, તે બાબતે આરોપીએ ગુજરનાર ઉપર દાઝ રાખી હતી. આ સાહેદ ઉલટતપાસ દરમ્યાન આ ખોટી ફરીયાદની હકીકત લખાવેલ છે તે સિવાય તેઓને કોઈ રીતે આ હકીકતને પડકારવામાં આવેલ નથી. જો કે આ પુરાવા જોતા ફરીયાદી આ બાબતે ખોટુ બોલતા હોય તો તે પોતાના ભાઈ નામે પણ ખોટુ બોલે એવુ આક્ષેપીત હકીકત જણાતી નથી. તે સિવાય ફરીયાદીપક્ષને આ હકીકત પુરવાર કરેવા ફરીયાદ પક્ષે સાહેદ ગોવુભા ભીમદેવસિંહ ગોહીલને તપાસેલ તેઓએ પણ ફરીયાદીના જણાવ્યા મુજબ આ બનાવમા આરોપીને નીતુભાઈએ ઠપકો આપેલ અને આરોપી રીસાઈને જતા રહેલ અને તેઓ તેને મનાવી પરત લાવેલા તેવુ તેઓ તેમની સરતપાસમાં જણાવે છે. બનાવના સમયે તેઓ ખેતીની જમીન ઉપર બેઠેલા હતા ત્યારે આરોપીને તેઓ વાડીની બાજુમાંથી નીકળતા આરોપીને ઉભો રાખી પુછે છે કયા આંટા મારે છે ત્યારે તેણે રેલ્વેના નાળે ગયેલ હોવાનુ જણાવેલ ત્યારબાદ કિરણને ત્યા બેસાડી તેમના પિતા ભાઈલાલભાઈને ફોન કરતા તેઓએ કહેલ કે આરોપી રિસાઈને જતો રહેલ જેથી તેઓ તેમના મો.સા. માં બેસાડી નીતુભાની વાડીએ લઈ ગયેલ ત્યારે નીતુભા અને કિરણભાઈના પિતા હાજર હતા, તેના પિતાએ આરોપીને બાજુવાળા જયંતિભાઈની દીકરી સાથે પ્રેમ સબંધ હોય તે બાબતે આરોપીને ઠપકો આપેલ આ વાતને ૬–૭ દિવસ પહેલા જાણેલ હતી. આ સાહેદના પુરાવાથી જણાય છે કે, અગાઉ ગુજરનારે આરોપીને ઠપકો આપેલ અને રિસાઈને જતો રહેલો તે હકીકતને સમર્થન મળે છે.

વધુમા આ કામે ફરીયાદપક્ષે આંક–૭૬ થી તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓએ ગુજરનાર નીતુભાની જમીનમાં તેઓ તેમના પત્ની અને દિકરી રહેતા હતા અને નીતુભાની બીજી ખેતીની જમીન ભાયલાલભાઈ વાવણી કરતા હતા આરોપી પણ ખેતીની જમીનમા કામકાજ કરતો હતો. બનાવના પંદર દિવસ પહેલા આરોપીએ તેમની દીકરી સાથે સગાઈ કરવી તેવી વાત કરેલી તેથી તેઓએ ના પાડેલી અને ફરી બીજા દિવસે પણ આ જ

વાત કરેલ જેથી તેઓએ ના પાડેલ જેથી તેઓએ આ વાત કિરણના પિતા જયંતિભાઈ અને ગુજરનાર નીતુભાને કરેલ હતી અને નીતુભાએ આ બાબતે કિરણને ઠપકો આપેલ હતો જેથી કિરણ રિસાઈને જતો રહેલો. આ સાહેદની ઉલટતપાસ દરમ્યાન તેઓએ આરોપી વિરુધ્ધ કોઈ પોલીસ અરજી કે ફરીયાદ કરેલ ન હોવાનુ કહેલુ, આ મૌખિક પુરાવા વંચાણે લેતા, આરોપીને લક્ષ્મીબેન સાથે પ્રેમસબંધ હોય અને તેની સાથે સગાઈ કરવી હોય અને ત્યારબાદ ગુજરનારે આ બાબતે આરોપીને ઠપકો આપેલ તે કારણોસર આરોપી રિસાઈને જતો રહેલ અને સાહેદ ભારૂભા તેમને સમજાવી પાછો લાવલા તે હકીકતને માની શકાય તેમ છે. હવે, આ બાબતને વિચારીએ તો આરોપીને ગુજરનાર નીતુભા સાથે આ બાબતનુ મનદુઃખ હોવાનુ અને તે કારણોસર કોઈ બોલાચાલી કે આવેશમાં આવીને તેણે ગુજરનારની હત્યા કરી હોય તેઓ કેસ કરેલ છે. આમ, ફરીયાદપક્ષના પુરાવા પરથી ગુજરનાર સાથે આરોપીને પ્રેમ–પ્રસંગ બાબતે મનદુઃખ હોય અને તેઓ તેમના ધાર્યા મુજબ સગાઈ ન થયેલ બાબતે ગુજરનાર આડખીલીરૂપ હોય, અને તે ગુન્હો કરવાનો હેતુ ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે.

<u>**છેલ્લે સાથે જોયાનો પુરાવો**</u>

**નામદાર સુપ્રિમ કોર્ટે તાજેતરમા કટ્ટાવેલ્લાઈ ઉર્ફે દેવાકર વિરુધ્ધ તામીલનાડુ રાજ્યના (૨૦૨૫)૭ એસ.સી.આર.પાના નં. ૯૮૪ ઉપર તા.૧૫/૦૭/૨૦૨૫ ના રોજના ચુકાદાના પેરેગ્રાફ નં. ૧૫** મા શ્રેણીબધ્ધ ચુકાદાઓ ધ્યાને લઈ નીચે મુજબ ઠરાવેલ છે.

15. The next circumstance that is to consider is the last seen theory. It is well established that this is a weak piece of evidence and cannot be the sole basis of conviction. **Nizam v. State of Rajasthan, (2016) 1 SCC 550.** We may further refer to certain judgments that expand upon the application of this theory.

15.1 In **Ravasaheb v. State of Karnataka (2023) 5 SCC 391**, a three Judge Bench (which included two of us, Nath and Karol JJ.) observed thus:

"29. On its own, last seen theory is considered to be a weak basis for conviction. However, when the same is coupled with other factors such as when the deceased was last seen with the accused, proximity of time to the recovery of the body of the deceased, etc. The accused is bound to give an explanation under Section 106 of the Evidence Act, 1872. If he does not do so, or furnishes what may be termed as wrong explanation or if a motive is established — pleading securely to the conviction of the accused closing out the possibility of any other hypothesis, then a conviction can be based thereon. [Satpal v. State of Haryana [Satpal v. State of Haryana, (2018) 6 SCC 610] and Ram Gopal v. State of M.P. [Ram Gopal v. State of M.P., (2023) 5 SCC 534]]"

15.2 The application of Section 106 of the Indian Evidence Act, 1872, doesn't absolve the prosecution of its duty to establish its case against the accused, beyond reasonable doubt. [See: Sawal Das v. State of Bihar (1974) 4 SCC 193 and Shivaji Chintappa Patil v. State of Maharashtra(2021) 5 SCC 626]

15.3 In applying the last-seen theory, Courts should keep in mind the totality of the circumstances, or the case put forward by the prosecution. In other words, also to be seen is, what preceded and followed the accused person being last seen with the deceased. [See: Surajdeo Mahto v. State of Bihar(2022) 11 SCC 800]

15.4 In **Veerendra v. State of M.P.(2022) 8 SCC 668, referring to Nizam (supra)** it was observed that when the

time between the 'last seen' and the 'time of occurrence' is significant, conviction thereon would not be advisable or sustainable.

15.5 The converse of the above is that the theory comes into play "where the time gap between the point of time when the accused and the deceased were last seen alive and when the deceased is found dead is so small that possibility of any person other than the accused being the author of the crime becomes impossible." [See: Bodhraj v. State of J&K(2002) 8 SCC 45 , State of U.P. v. Shyam Behari(2009) 15 SCC 548 and Sambhubhai Raisangbhai Padhiyar v. State of Gujarat(2025) 2 SCC 399]

**ઉપરોકત ચુકાદા વંચાણે લેતા કહી શકાય કે જ્યારે છેલ્લે આરોપી સાથે જીવતો જોયા પછી જ્યારે ગુજરનારની લાશ મળી આવે તે સમયે ગાળો એટલો ઓછો હોય તે આરોપી સિવાય અન્ય કોઈ વ્યક્તિએ ગુનો કરેલ છે તેવી સંભાવનાઓ અસંભવ થઈ જાય ત્યારે આ પુરાવો અતિ મહત્વનો બની જાય છે.**

આ કામના ફરીયાદીની ફરીયાદ જોતા તેઓ બજારમા હતા ત્યારે તેમના મોબાઈલ નંબર ઉપર આવેલ શિવરાજસિંહ કીરીટસિંહ ગોહીલનો ફોન આવેલ અને નીતુભાને મજા નથી, તમે તાત્કાલીક આવો તેથી તેઓ વાડીએ જવાના રસ્તે ચાલીને નીકળેલ તે વખતે નીતુભાને રસ્તામા ગોવુભા અને આરોપી કિરણભાઈ ટીંગાટોળી કરી ફોર વ્હીલ ગાડી સુધી લાવેલ અને નીતુભાને ગાડીની પાછળની સીટમા સુવડાવેલ હોય અને તેઓએ મોબાઈલની લાઈટ ચાલુ કરી જોતા, નીતુભાના માથાના પાછળના ભાગે લોહી નીકળતુ હતુ, નીતુભા કાંઈ બોલતા ન હતા, નીતુભાને શિવરાજસિંહ સાથે ફોરવ્હીલમા પાછલી સીટમા નાંખી ગઢડા સરકારી દવાખાને રવાના કરેલ, રસ્તામાં ૧૦૮ મળતા સરકારી દવાખાને લઈ ગયેલા અને તેઓને મરણ જાહેર કરેલ અને તેઓ તેમની ફરીયાદમાં અજાણ વ્યક્તિએ તેમનુ ખુન કરેલ હોવાનુ જણાવેલ છે. **આ સાહેદની જુબાની જોતા જ્યારે તેઓ સ્થળ ઉપર પહોચ્યા ત્યારે ત્યા આરોપી તેમજ શિવરાજસિંહ હતા.**

આ કામના આરોપી તેમના પિતા સાથે રહેતા હતા, તે બાબતે **આંક–૪૧ થી સાહેદ ગોવુભા ભીમદેવસિંહ ગોહીલ** જણાવે છે કે, બનાવના દિવસે બપોરના સમયે તેઓ તેમની વાડીની બહાર મોટર સાયકલ લઈ ઘરે જવા નીકળેલ ત્યારે આરોપી મોટર સાયકલ લઈ સામે મળેલા અને તેઓને આવવાનુ કારણ પુછતાં તેઓ જણાવેલ કે લસણનો ક્યારો જોવા આવેલ જણાવેલ બપોરના સમયે આરોપી નીતુભાની વાડીએ આવેલ તેવુ તેઓએ જોયેલ છે. વધુમા તેઓ જણાવે છે કે, તેઓ ખેતરમાં કામ કરતા હતા ત્યારે આરોપી કિરણભાઈનો ફોન આવેલ અને તેઓને ત્યાં કામથી બોલાવેલ નીતુભા ત્યાં જતા આરોપીએ કહેલ કે શેઠને જુઓ, નીતુભા ઊંધા પડેલ અને લોહીલુહાણ હાલતમાં હતા, એટલે કે, આ સાહેદ પ્રથમ વ્યક્તિ હતા કે તેણે સ્થળ ઉપર ગુજરનારને જોયેલ અને તે વખતે તેઓ હાજર હતા, આરોપી સિવાય અન્ય વ્યક્તિ હતા નહી અને આરોપીએ તેમને કહેલ કે શેઠ પડી ગયા છે. આરોપીના આ કથન કબુલાત કે ગુન્હાની કબુલ કરતા તે બાબતે જાણ ન કરી આપતી હકીકત છે તે પુરાવામા ગ્રાહ્ય રાખી શકાય. આ સાહેદના કહ્યા મુજબ તે વખતે કિરણભાઈના મિત્ર સહદેવભાઈ ત્યાં હાજર હતા. આ હકીકતની ઉલટતપાસ પડકારવામા આવેલ નથી કે તે બાબતે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી. આ ઉપરોકત પુરાવા જોતા આ કામના આરોપી વાડીમા ગુજરનારના સાથે હતા જે ઓરડીમા લાશ મળેલ છે તે સ્થળે તેમની હાજરી બાબતે કોઈ તકરાર નથી. બનાવના અંતે પોતે શિવરાજભાઈ સાથે ગુજરનારને ગાડીમા ઉંચકી બેસાડતા જોયેલ છે. એટલે કે, આ કામના આરોપી ગુજરનારની સાથે છેલ્લે હતા અને ગુજરનાર ગુજરી ગયા તેની તાત્કાલીક ફોનથી આરોપી અને શિવરાજસિંહે અન્ય લોકોને જાણ કરેલ. સાહેદ ગોવુભા ભારૂભા સ્થળ ઉપર જતા આરોપીએ કહેલ કે શેઠ પડી ગયા છે તે હકીકત જણાવી અને તે વખતે અન્ય કોઈ વ્યક્તિ હાજર હોવાનુ જણાવવામા આવતુ નથી. તદઉપરાંત **સાહેદ મહાવીરસિંહ આંક –૪૫** ની સરતપાસમા બપોરે આ કામના આરોપીને પોતાનુ મોટર સાયકલ રસ્તા ઉપર મુકી નીતુભાની ઓરડી બાજુ જતા જોયેલ હોવાનો પુરાવો આપેલ છે. તે સંજોગોમાં ગુજરનાર અને આરોપી છેલ્લે સાથે હતા અને આ સંજોગોમાં આરોપી

સિવાય અન્ય કોઈ વ્યક્તિએ જો હત્યા કરી હોય તે બાબતે આરોપીએ કોઈ હકીકત જાહેર કરી હોય તેમ નથી અને તે બાબતે આરોપી મૌન રહેલ છે.

વધુમા આ કામના ગુજરનારના પી.એમ. રીપોર્ટમા ડોકટરશ્રીએ તા.૧૭–૧૨–૨૦૨૩ ના રોજ સવારે ૯/૩૦ કલાકે શરૂ કરી ૧૨/૧૫ કલાકે પુરો કરેલ અને શબની અકડાવવાની પ્રક્રિયા સંપુર્ણ શરીર ઉપર પ્રસરેલી હતી. આ હકીકત ઉલટતપાસમાં પણ આરોપી તરફે પુછપરછમાં ત્યારે ડોકટરશ્રીએ તપાસના અંતે ચોકકસપણે કહી શકાય કે મૃત્યુ ૩૬ કલાક પહેલા થયેલ હોય કે કેમ એ વાત ખરી નથી ડોકટરશ્રીએ જણાવ્યા મુજબ રાયગર મોર્ટીસની હાજરી સંપુર્ણ શરીર પર પ્રસરેલી હતી ત્યારે ગુજરનારનું મૃત્યુ ૧૨ કલાક પહેલા એટલે કે ૨૪ કલાકના સમયગાળામાં થયેલ હોવુ જોઈએ. કારણ કે, શબ પર પુર્ણ રીતે રાયગર મોર્ટીસની હાજરી પુર્ણ શરીર જોવા પર જોવા મળેલ હોય, સામાન્ય સંજોગોમાં ૧૨ કલાક પછી સંપુર્ણપણે શરીર ઉપર પ્રસરી જાય છે. અને તે ૧૨ કલાક સમય સુધી રહે છે. અને જયારે ગુજરનારના શરીર ઉપર રાયગર મોર્ટીસ સંપુર્ણપણે શરીર ઉપર હાજર જોવા મળેલ હોય ત્યારે ગુજરનારનું સામાન્ય ૧૨ કલાક થી ૨૪ કલાક વચ્ચે થવું જોઈએ અને આ કામના સૌપ્રથમ મૃત્યુ અંગેની જાણ ફરીયાદીને આટલા સમય પહેલા જ મૃત્યુ થયેલ હોય તે રાત્રીના આશરે ૧૦/૦૦ વાગ્યે તા.૧૬–૧૨–૨૦૨૩ ના રોજ ૧૨ કલાક પહેલાના સમયમા થયેલ હોય. આ કામના આરોપી આશરે બે વાગ્યે ગુજરનારની ઓરડી પાસે જતા જોયેલ હોવાનો પુરાવો છે અને ફરીયાદીને આશરે પોણા છ વાગ્યે શિવરાજસિંહનો ફોન આવેલ એટલે કે ફોન આવ્યા પહેલા ગુના વાળી જગ્યાએ ગુનાનુ હથિયાર સગેવગે કરવામાં આવેલ છે તેમજ લોહીના ડાઘાઓ ઢાંકવાનો પ્રયત્ન કરવામા આવેલ છે આ તમામ કૃત્યમાં સમય પસાર થાય તે સ્વાભાવિક હકીકત છે. એટલે કે, આરોપીએ હત્યા કર્યા પછી પુરાવાનો નાશ કરવા જે સમય લીધો હશે તે સાથે ગણીએ તો આશરે બે થી પોણા છ ના સમયગાળામા આરોપી જ નીતુભાની વાડીએ હોવાનુ માની શકાય તેમ છે. તેથી ગુજરનારનુ મૃત્યુ સમયે આરોપી જ તેમને છેલ્લે જોયાના પુરાવો જોતા હોવાનુ આરોપી સિવાય અન્ય કોઈ ઈસમે હત્યા કરી હોય તેવા સંજોગો નહીવત જણાય આવે છે.

**<u>આરોપીનુ ગુનો કરતા પહેલા અને ગુનો કર્યા બાદનુ વર્તન.</u>**

ભારતીય પુરાવા અધિનિયમ મુજબ ગુનો કરતા પહેલા કે પછીનુ આરોપીનુ વર્તન ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૮ હેઠળ પુરાવામાં ગ્રાહ્ય છે. ફરીયાદપક્ષ દ્વારા આંક–૩૭ થી ફરીયાદી ઘેલુભા કરણુભા ગોહીલને તપાસવામાં આવેલ છે તેઓની જુબાની જે આ ચુકાદામાં અક્ષરસઃ ઉતારવામા આવેલ છે જે મુજબ તેઓ મરણજનાર નીતુભાના ભાઈ છે, નીતુભાનો બનાવ વખતે તેઓ બજારમાં આવેલ અનિરૂધ્ધસિંહની દુકાને સાંજના છ વાગ્યાની આસપાસ હતા ત્યારે તેઓના ગામના શિવરાજસિંહ કિરીટસિંહ ગોહીલનો તેઓ પર ફોન આવેલ અને કહેલ કે નીતુભાને મજા નથી, તમે તાત્કાલિક આવો. ત્યારબાદ આરોપી પોતે સાહેદે ખોટુ બોલી શેઠ પડી ગયા છે તેવુ જણાવી ગેરમાર્ગે દોરી અને જે સ્થળે હત્યા કરી ત્યાંથી લાશને ઢસડીને ઓરડીમાં મુકી દીધેલ અને કોશને કુવામા નાંખી દીધેલી એવુ પંચનામામાં જોતા જણાય આવે છે.

આ બાબતે જોઈએ તો આરોપીએ શેઠ પડી ગયા તેવુ જણાવેલ છે જયારે ગુજરનારે થયેલી ઈજા જોતા પડી જવાથી થાય તેવી ઈજાઓ હતી નહી અને કુલ–૧૪ ઈજાઓ હતી તે સિવાય ગુનાવાળી જગ્યાએ તે છાપરાના પ્રવેશદ્વાર થી ઓરડીના દરવાજા સુધી આશરે ૯ ફુટ લંબાઈ તથા અડધા ફુટ રાખ છાંટેલ હતી જેની નીચે લોહીના ડાઘા હતા એટલે કે, કોઈ વ્યક્તિએ ૯ ફુટ લાંબી જગ્યામા રાખ નાંખી લોહીના ડાઘા સંતાડેલ હતા આ તમામ વસ્તુ કોઈ પણ વ્યક્તિ જોતા નીતુભા પડી ગયા છે એવુ માને નહી પરંતુ આરોપીએ સાહેદને બોલાવી ગુજરનાર પડી ગયા છે તેવી ખોટી રજુઆત કરેલ છે તેથી તેનુ ગુનાહીત માનસ છતુ કરે છે.તે સિવાય આરોપી ગુજરનારને દવાખાને મોકલ્યા પછી સ્થળ ઉપર હાજર રહેલ નથી અને જતા રહેલ છે. એટલે કે, ગુનો કર્યા પછી તેઓ તા.૧૮/૧૨/૨૦૨૩ ના રોજ પોલીસ સ્ટેશને હાજર થયેલ છે અને બનાવ તા.૧૬/૧૨/૨૦૨૩ બનેલ હોય તેમનુ બનાવ પછીનુ વર્તન પણ ગુનાહીત હોવાનુ જણાય આવે છે. ઉપરોકત સંજોગોમા આરોપીએ ગુનો કર્યા પછી બનાવને અકસ્માતમા ખપાવવાનો પ્રયત્ન કરેલ હોવાનો અને જે જગ્યાએ હત્યા કરવામા આવેલ છે તે જગ્યાએથી ઢસડીને ઓરડીમાં લાશ નાંખી ફરીયાદી તેમજ સાહેદોને બોલાવી ગુજરનાર પડી ગયા હોવા બાબતે ખોટી હકીકતો જણાવી લોહીના ડાઘા વગેરે તેમજ ગુનાહીત ગુનાનો હથિયાર ઓરડીના

બાજુના કુવામા હથિયાર નાંખી તેમનુ ગુનાહીત માનસ છતુ કરે છે. તે સંજોગોમા આરોપીનુ ગુનો કરતા પહેલા અને ગુનો કર્યા બાદનુ વર્તન ગુનાહીત માનસ ધરાવતો હોવાનુ ફરીયાદી તથા સદર સાહેદોના પુરાવાથી પુરવાર કરવામા ફરીયાદપક્ષ સફળ થયેલ છે.

**ગુનાના કામે વાપરેલ હથિયાર તથા બનાવ સમયે પહેરેલ કપડાની રીકવરી**

આ કામના આરોપીને અટક તા.૧૮–૧૨–૨૦૨૩ ના રોજ કરવામા આવેલ છે અને આરોપી દ્વારા બનાવનામાં ઉપયોગ કરવામાં આવેલ હથિયાર જેના વડે હત્યા કરવામાં આવેલ હતી તે તેમજ બનાવ સમયે પહેરેલ કપડા શોધી બતાવેલ છે. આંક–૩૩ થી તેનું પંચનામુ રજુ કરેલ છે. મહત્વની બાબત એ છે કે, આ કામે આંક–૩૨ થી નટુભાઈ તળશીભાઈ મારૂએ તે પંચનામામાં સંપૂર્ણપણે સમર્થન આપેલ છે. તેની ઉલટતપાસ દરમ્યાન સમર્થન આપેલ છે. તેની ઉલટતપાસ દરમ્યાન આ સાહેદ ખોટુ બોલતા હોય તેવો કોઈ ખુલાસાની હકીકત રેકર્ડ પર અને અગાઉ આ ચુકાદામા કરેલ ચર્ચા મુજબ આ પંચનામાના પુરાવામાં ગ્રાહ્ય છે અને આ પંચનામાની અંદર જે કાંઈ હથિયાર કે કપડા મળી આવે તે આરોપી સામે પુરાવા તરીકે ઉપયોગમાં લઈ શકાય તેવુ પોલીસ રૂબરૂ કબુલ કરી શકે નહી સિવાય કે પંચનામામાં આરોપી દ્વારા જે કાંઈ ગુનાની કબુલાત આપેલ છે તે મુદો લઈ શકાય નહી, પરંતુ મળી આવેલ લોખંડની પાઈપ તેમજ આરોપીના કપડા તે પુરાવામા ગ્રાહ્ય રાખી શકાય છે. આરોપીએ પંચનામાની વિગતમાં જે સ્થળે લોખંડની કોશ સંતાડેલ તે જગ્યાએ પંચ સાહેદ અને પોલીસની હાજરીમાં શોધી આપેલ છે. તેમજ જે સ્થળે વાડીમાં રહેતા હતા તે વાડીમાં જ્યાં તેઓએ સ્નાન કરી કપડા બદલી જતા રહેલા તથા તે સ્થળે બનાવ સમયે પહેરેલ કપડા શોધી આપેલ છે. પંચ સાહેદ પંચનામાની કાર્યવાહી પોલીસે તેમની રૂબરૂમા કરી હતી તેમજ પંચનામામાં તથા પંચ સ્લીપોમા તેઓની સહી હોવાનું ઓળખી બતાવેલ છે. આંક–૩૨ ની જુબાનીમાં જણાય આવે છે તે સિવાય પંચ–૧ તરીકે વિજયભાઈની સહી પણ ઓળખી બતાવેલ છે. મુદામાલ આર્ટીકલ "માર્ક–એમ" વાળી કોશ તેમજ "માર્ક–એન" અને "માર્ક–ઓ"વાળા કપડા સાહેદે ઓળખી બતાવેલ છે.વધુમાં આ કામે ફરીયાદપક્ષે ગુનાવાળી જગ્યાનુ

પંચનામુ આંક–૨૨ થી રજુ કરેલ છે. આંક–૨૧ થી નરશીભાઈ કરમશીભાઈ બાવળીયાને સોગંધ ઉપરની જુબાનીથી પુરવાર કરવામાં સફળ થયેલ છે.

આ પંચનામુ તા.૧૯–૧૨–૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ છે. આરોપીએ જે કુવામાં કોશ નાખેલ જણાય આવે છે તે કુવામા તરવૈયા મોકલી કુવાના તળીયેથી લોખંડની એક નાની કોશને પાણીમાંથી બહાર કાઢવામાં આવેલ છે કોશ સતત પાણીમાં પડી રહેલ હોવાથી તેના ઉપર કોઈ લોહીના નિશાન જણાય આવેલ નથી. તેમજ બનાવના સ્થળે થી આશરે ૪ કી.મી. દુર આગળ એક વાડીમાથી બનાવ વખતે પહેરેલ કપડા રજુ કરેલ છે આ કપડા બનાવના સ્થળેથી ૪ થી ૫ દુર મળી આવેલ છે.

હવે,આ મુદામાલ આંક–૬૭ ના ફોરવડીંગ લેટર સાથે ડી.એફ.એસ.એલ. જુનાગઢ ખાતે મોકલી આપેલ છે. સદરહું મુદામાલ આંક–૭૧ માં પૃથ્થુકરણ અહેવાલ થયેલ છે. તે પૃથ્થુકરણ અહેવાલ જોતા ગુનાવાળી જગ્યાએ મળી આવેલ કેટલાક સેમ્પલ ઉપર "એ" જુથનું માનવ રૂધિર મળી આવેલ છે. તેમજ સ્થળ ઉપર મળી આવેલ ચપ્પલ ઉપરથી પણ "એ" જુથનું લોહી મળી આવેલ છે તે સિવાય ગુજરનારનુ લોહીનો નમુનો જે એફ.એસ.એલ. માં મોકલવામા આવેલ છે. તે લોહી પણ જુથ– "એ" હોવાનું જાણવા મળેલ છે. માર્ક–જે થી ગુજરનારના કપડામાં જે લોહી હતુ તે જુથ– "એ" હોવાનુ જાણવા મળેલ છે. આરોપીના લોહીના સેમ્પલ જે લેવામાં આવેલ છે તે નમુનામાં આરોપીના લોહીનુ જુથ–"બી"જણાય આવે છે. એટલે કે, ગુજરનારનું લોહીનું જુથ–"એ" અને આરોપીના લોહીનું જુથ–"બી"હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે. આરોપી દ્વારા જે મુદામાલમાં કોશ આ કામે શોધી બતાવેલ છે તેના ઉપર લોહી કે કોઈ ડાઘ ન હોવુ તે એક સ્વાભાવિક પ્રક્રિયા છે. બનાવના ત્રીજા દિવસ સુધી સતત લોખંડની કોશ પાણીમાં પડેલ હોવાથી તેની ઉપર લોહીની હાજરી મળી ન આવવી તે સ્વાભાવિક પ્રક્રિયા છે.

આ કામે ડોક્ટર દિક્ષિત છત્રાવાલાને આંક–૧૧ ની જુબાનીમાં જોતા જેઓએ એમ્બ્યુલન્સમાં ગુજરનારને પ્રથમ વખત લઈ જવામાં આવેલ ત્યારે તેઓએ ગુજરનારને તપાસી મૃત જાહેર કરેલ અને લાશ ઉપરની ઈજાઓ

પ્રથમ વખત જોયેલ છે. તેઓએ પણ આર્ટીકલ–એમ વાળી કોશને જોઈ અને આ ઈજાઓ આ હથિયારથી સંભવી શકે તેવો અભિપ્રાય આપેલ છે.

આરોપી તરફે ઉલટતપાસ દરમ્યાન પુછપરછ કરેલ છે કે, "મુદામાલ હથિયારથી જ દર્દીને ઈજા થયેલ હોવાનું હું ચોકકસપણે કહી શકુ નહી". આરોપી તરફે એવી દલીલ છે કે, ડોકટરશ્રીએ કહેલ કે આ હથિયારથી ઈજા થઈ શકે નહી તેવુ સ્વીકારેલ છે જે ડોકટર સ્વીકારી શકે તેમ નથી કારણ કે, ડોકટર દ્વારા રજુ થયેલ હથિયારથી ઈજા સંભવી શકે તેવી સંભાવના દર્શાવવામાં આવેલ છે. પરંતુ તેઓએ આ જ હથિયારથી ઈજા કરવામાં આવેલ છે તેવુ કહી શકે નહી તે પુરવાર કરવાનુ ફરીયાદપક્ષનુ કામ છે અને પુરાવાના અંતે ગુનો જે હથિયાર સાથે સાંકળવા પ્રસ્થાપિત થઈ શકે છે. ડોકટરશ્રીએ મળી આવેલ હથિયારથી ઈજા સંભવી શકે તેમ જણાવે છે. વધુમાં ડોકટર દિવ્યેશકુમારને આંક–૧૬ થી જુબાનીમા પોસ્ટમોર્ટમ કરેલ અને મુદામાલ હથિયાર જોઈને જણાય આવે છે કે, આવા પ્રકારના હથિયારથી જે લાશ ઉપર જોવા મળેલ ઈજાઓ શક્ય છે. એટલે કે, મળી આવેલ હથિયાર દ્વારા આરોપીએ ગુજરનારની હત્યા કરવામાં આવેલ છે તેવુ ફરીયાદક્ષે પુરવાર કરેલ છે.

આ કામના આરોપીએ શોધી બતાવેલ કપડા કે જેમાં પેન્ટ અને શર્ટ બન્ને ઉપર "એ" જુથના લોહીની હાજરી મળી આવેલ છે. તે બાબતે કાંઈ ખુલાસો આરોપી દ્વારા કરવામાં આવેલ નથી. આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીએ એવી દલીલ કરેલ છે કે રેકર્ડ પરનો પુરાવો જોતા આરોપી ગુજરનારને ટીંગાટોળી કરી ફોરવ્હીલમા પાછલી સીટમા સુવડાવેલ હોય તે સંજોગોમાં તેના કપડા પર લોહી મળી આવવું તે સ્વાભાવિક છે. પરંતુ તે દલીલ સાથે હુ સમંત થતો નથી કારણ કે, આરોપી દ્વારા રજુ કરવામા આવેલ કપડા બનાવ પછી કપડા ધોઈ નાખેલ છે આંક–૩૩ નુ પંચનામુ વંચાણે લઈએ તો આરોપીએ પોતે જ્યા રહે છે તે જગ્યાએ પોતાના ઘરમા જઈ આ કપડા તે બનાવ પછી નાહી ધોઈને કપડા બદલેલ હતા અને આ કપડા તેણે ઘરમાંથી રજુ કરેલ છે આ કપડા ઉપર સામાન્ય રીતે કોઈ વ્યક્તિ કોઈ મૃત વ્યક્તિને ઉચકે બેસાડે ત્યારે જે રીતે લોહી ચોંટે તેના કરતા જુદી રીતના લોહીના નિશાન મળી આવેલ છે. મુદામાલ કપડા જોતા શર્ટની બાંયો ઉપર

કોણી સુધીના ભાગે તેમજ પેટ અને કમરના ભાગે મૃત વ્યક્તિનુ સુકાયેલ લોહી ચોંટે તે રીતનુ કોઈ નિશાન દેખાતા નથી પરંતુ કોઈ વ્યક્તિએ જીવીત અવસ્થામા ઈજા કરી હોય અને તે વખતે લોહીના છાંટા ઉડે તે રીતના છુટાછવાયા લોહીના નિશાન મળી આવેલ છે. આ સંજોગોમાં આરોપીના કપડા ઉપર મળી આવેલ ગુજરનારના લોહીના નિશાન આરોપીને ગુના સાથે સાંકળે છે.

આ તમામ પુરાવા વંચાણે લઈએ તો આરોપી દ્વારા જે તેની ખાસ જાણકારીથી હથિયાર કબજે કરવામા આવેલ છે તે હથિયારથી ગુજરનારેને થયેલ ઈજાઓ સંભવી શકે તે સાબીત થાય છે અને કુવામા જ આવી કોશ પડી છે તે આરોપી સિવાય અન્ય કોઈ વ્યક્તિની જાણમા ન હતુ તેથી મળી આવેલ હથિયાર આરોપીને ગુના સાથે સાંકળે છે અને કપડા ઉપર મરણજનારના લોહીના હાજરી મળી આવેલ છે તે પણ આરોપીને ગુના સાથે સાંકળે છે.

**આરોપીએ ગુનો કર્યા પછી પુરાવાનો નાશ કર્યાનુ અને બનાવ અંગે માહીતી <u>ખોટી હોવાનુ જાણવા છતાં તે માહીતી આપવી.</u>**

આ બાબતે જોઈએ તો આરોપીએ શેઠ પડી ગયા તેવુ જણાવેલ છે જયારે ગુજરનારે થયેલી ઈજા જોતા પડી જવાથી થાય તેવી ઈજાઓ હતી નહી અને કુલ ૧૪ ઈજાઓ હતી તે સિવાય ગુનાવાળી જગ્યાએ તે છાપરાના પ્રવેશદ્વાર થી ઓરડીના દરવાજા સુધી આશરે ૯ ફુટ લંબાઈ તથા અડધા ફુટ રાખ છાંટેલ હતી જેની નીચે લોહીના ડાઘા હતા એટલે કે, કોઈ વ્યક્તિએ ૯ ફુટ લાંબી જગ્યામા રાખ નાંખી લોહીના ડાઘા સંતાડેલ હતા આ તમામ વસ્તુ કોઈ પણ વ્યક્તિ જોતા નીતુભા પડી ગયા છે એવુ માને નહી પરંતુ આરોપીએ સાહેદને બોલાવી ગુજરનાર પડી ગયા છે તેવી ખોટી રજુઆત કરેલ છે. આ કામે આંક–૨૦ થી ઈન્કવેસ્ટ પંચનામુ જોઈએ તો તેમા ગુજરનારની લાશ ઉપર ચહેરાના ભાગે તથા માથાના પાછળના ભાગે ઈજાઓ થયેલ છે, ચહેરા ઉપર આંખોની આજુબાજુ અને બંને આંખ ઉપર ઈજા થયેલ છે તે જોતા પડી જવાથી કે માથાના પાછળના ભાગની ઈજાઓ જોઈએ તો આરોપીએ ઓરડીમાં લાશ લઈ જઈ તે પડી ગયા છે તેવુ ખપાવવા પ્રયત્ન કરેલ છે. આંક–૨૨ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ જોતા ગુનાવાળી જગ્યા વાડીની

ઓરડીમા તેમજ ઓરડીના આગળ રહેલ છાપરાના ભાગે જોતા ચુલાની રાખ છાંટેલ હતી અને તેની નીચે લોહીના ડાઘા હોવાનુ જણાય આવે છે. એટલે કે, છાપરાના પ્રવેશદ્ધારના બહારના ભાગથી ઓરડીના દરવાજા સુધી ૯ ફુટના અંતરમાં રાખથી ઢાંકેલા લોહીના ધાબા મળી આવેલ છે.

ઉપરોકત સંજોગોમા આરોપીએ ગુનો કર્યા પછી બનાવને અકસ્માતમા ખપાવવાનો પ્રયત્ન કરેલ હોવાનો અને જે જગ્યાએ હત્યા કરવામા આવેલ છે તે જગ્યાએથી ઢસડીને ઓરડીમાં લાશ નાંખી ફરીયાદી તેમજ સાહેદોને બોલાવી ગુજરનાર પડી ગયા હોવા બાબતે ખોટી હકીકતો જણાવી લોહીના ડાઘા વગેરે તેમજ ગુનાહીત ગુનાનો હથિયાર ઓરડીના બાજુના કુવામા હથિયાર નાંખી તેમનુ વર્તન તેઓને ગુના સાથે સાંકળે છે ખરેખર જો ગુજરનારની હત્યા અન્ય કોઈ વ્યક્તિએ કરી હોય તો જે પ્રમાણેની પરિસ્થિતિ હોત તે રીતની રાખી દઈ આરોપીએ અન્ય વ્યક્તિઓને જાણ કરી હોત. તેથી, આ ગુનાહીત કૃત્ય પણ આરોપીની સામે એક વધારાના સંજોગ તરીકે ધ્યાને લઈ શકાય.

આમ, ઉપરોકત પુરાવાની કરેલ વિગતવારની ચર્ચા ધ્યાને લેવામાં આવે તો આરોપી કિરણભાઈ મરણજનાર નીતુભાની વાડીએ ભાગીયા તરીકે કામ કરતા હોય અને આરોપીને બાજુની વાડી વાળા જયંતિભાઈની દીકરી સાથે પ્રેમસબંધ હોય જે બાબતે ગુજરનાર નીતુભાએ આરોપીને ઠપકો આપેલ અને નીતુભા આરોપીની બહેન સાથે કામકાજ બાબતે વાતચીત કરતા હોય તે બંને બાબતનુ મનદુઃખના કારણે બનાવ પામેલ હોવાનો સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવ્યો છે અને તેનું ખંડન કરતી બીજી કોઈ હકીકત કે તેને નહી માનવા માટેનુ બીજુ કોઈ કારણ બચાવપક્ષે રેકર્ડ ઉપર રજુ કરેલ નથી. વળી, ફરીયાદી તેમજ સાહેદોએ આ બનાવ બનવા પાછળ ઉપરોકત કારણ હોવાનું વિશ્વસનીય પુરાવો આપેલ છે ત્યારે બનાવનુ કારણ પણ એટલે કે, ગુજરનારની હત્યા કરવા પાછળનો હેતુ હોવાની હકીકત પુરવાર થાય છે તે પુરાવો ધ્યાને લેતાં તેમાં કોઈ શંકાઓ ઉભી થતી નથી અને તે બાબતે આરોપી પક્ષે બીજો કોઈ બચાવ કે તકરાર લીધેલી નથી અને આ ગુન્હાનો મોટીવ પુરવાર કરવામાં ફરીયાદફક્ષ સફળ થાય છે, તેવુ આ અદાલતનુ ઉપરોક્ત ચુકાદાઓના સિધ્ધાંતો ધ્યાને લેતાં માને છે.

આમ, ઉપરોકત ચર્ચા મુજબ આરોપીનો ગુન્હો કરવા પાછળનો ઈરાદો કે મોટીવ પણ પુરવાર થાય છે ત્યારે આરોપીને આ ગુન્હાના કામે જોડી શકાય તેવો વિશ્વસનીય અને મજબુત સાંયોગીક પુરાવો રેકર્ડ ઉપર ફરીયાદપક્ષ રજુ કરવામાં સફળ રહે છે તેથી પણ ફરીયાદપક્ષના કેસમાં કોઈ શંકાઓ ઉભી કરી શકાય તેમ નથી.

૩૭. આમ, ઉપરોકત તમામ પુરાવાની કરેલ ચર્ચા પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા અને તેમા ઠરાવવામાં આવેલ સિધ્ધાંતોને ધ્યાને લઈએ તો હાલના કિસ્સામાં જે સંજોગોની અતુટ સાંકળ બનેલ છે કે જેના ઉપરથી એવુ સ્પષ્ટપણે આરોપી કિરણભાઈ ભાયાલાલભાઈ પઢીયારે જ મરણજનાર નીતુભાનું ખૂન કરેલ છે તેવી ફરીયાદપક્ષ દ્ધારા સંજોગોની અતુટ કડી પુરવાર કરેલ છે.

૩૮. ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લઈએ તો બનાવવાળા સ્થળ સાથે આરોપી સંકળાયેલ છે, જે સ્થળેથી લાશ મળી તે સ્થળે આરોપી ભાગીયા તરીકેનું કામ કરતા હોવાનુ, મરણજનાર તથા ફરીયાદી છેલ્લે સાથે હોવાનું ત્યારે આરોપી તથા ફરીયાદી તથા સાહેદો એકબીજાને સારી રીતે ઓળખતા હોવાનું માની શકાય તેમ છે. આરોપી ઓળખે છે, એટલે કે, આરોપી તે વ્યક્તિ સાથે સંકળાયેલા છે વળી બનાવ સ્થળે આરોપીને છેલ્લે જતા જોયેલ હોવાનુ અને ત્યારબાદ ઓરડામાં મરણ જનાર નીતુભા લોહી લુહાણ હાલતમા પડેલ હોવાનુ અને ત્યારે આરોપી બનાવવાળા સ્થળે મળી આવેલ હોવાનુ ફરીયાદીએ જણાવેલ છે અને ત્યારબાદ આરોપીએ અન્ય સાહેદોને બોલાવી તેઓને બનાવની ખોટી રીતે રજુઆત કરેલ હોવાનુ જણાવેલ છે તેમજ આરોપીએ મરણ જનારને જે હથિયાર લોખંડના કોશથી માથામાં મારી મૃત્યુ નિપજાવેલ છે તે હથિયાર કોશ તથા બનાવ સમયે પહેરેલ કપડા આંક–૩૩ ના ડીસ્કવરી પંચનામાના પંચ સાહેદેએ પણ ડીસ્કવરી પંચનામાને સમર્થનકારી હકીકતો જણાવેલ છે, આંક–૨૨ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામાને સમર્થનકારી હકીકતો જણાવેલ છે, આંક–૨૨ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદે પણ ગુનાવાળી જગ્યાના

પંચનામાને સમર્થનકારી હકીકતો જણાવેલ છે. વળી આ કામે આંક–૭૨ થી રજૂ થયેલ ડી.એફ.એસ. જુનાગઢનો મુદામાલ પરીક્ષણ અહેવાલ જોતા તેમા પણ ગુનાવાળી જગ્યાએથી લીધેલ ૩ ના પુમડા ઉપર તેમજ ક્રન્ટ્રોલ પુમડા ઉપર ચકાસણી કરી, સ્થળ ઉપરથી લોહીની હાજરી મળી આવેલ હોવાનુ સાબિત થાય છે. આરોપી પાસેથી મળી આવેલ મુદામાલ લોખંડની કોશ ઉપરથી પણ લોહીના ડાઘા મળી આવેલ નથી કારણ કે તે કુવામા બનાવ પછી આશરે બે દિવસ સુધી પડી રહેલ છે પરંતુ આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડા પેન્ટ અને શર્ટ ઉપરથી લોહીની હાજરી મળી આવેલ છે. સાથે સાથે ગુજરનારના શર્ટ, બનીયાન, પેન્ટ અને અન્ડરવેર ઉપરથી લોહીના હાજરી મળી આવેલ છે અને સાયન્ટીફીક ઓફીસરશ્રીના તારણો મુજબ ગુજરનારના લોહીની હાજરી ૩ ના પુમડા, કોશ તેમજ આરોપીના કપડા ઉપરથી મળી આવેલ છે.

૩૯. આ તમામ સંજોગો બાબતે આરોપી તરફે જે કાંઈ બચાવ રજુ કરવામાં આવેલ છે તે પૈકી છેલ્લે એક વધારાની હકીકત જોઈએ તો આ કામે સમગ્ર પુરાવો પુરો થયા પછી આરોપીનુ ક્રી.પ્રો.કો. કલમ–૩૧૩ હેઠળ વધારાનુ નિવેદન નોંધવામાં આવેલ છે. સદરહુ વધારાના નિવેદનમાં આરોપી દ્વારા દરેક સવાલનો જવાબ " એ વાત ખરી નથી", “તેઓને અંગત જ્ઞાન નથી", તે રીતે આપવામાં આવેલ છે અને બચાવમાં પણ કોઈ સાહેદ તપાસવા માંગતા નથી અને તેમને ખોટી રીતે આ બનાવમાં સંડોવી દેવામા આવેલ છે અને તેઓ નિર્દોષ છે તેવી રીતે આપેલ છે. **નામદાર સર્વોચ્ચ અદાલતે રાજેન્દ્ર પ્રહલાદરાવ વાસનીક વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર એ.આઈ.આર. ૨૦૧૨ સુ.કો. પાન નં. ૧૩૭૭** ઉપર પ્રકાશીત થયેલ છે તેના પેરાગ્રાફ –૧૫ માં એવુ ઠરાવેલ છે કે, જ્યારે આરોપીએ તેમના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ –૩૧૩ ના નિવેદનમાં દરેક સવાલનો જવાબ "એ વાત ખરી નથી છે" અને બચાવમાં કોઈ સાહેદ તપાસવા નથી અને તેના ઉપર ખોટો કેસ કરેલ છે તેવુ કહી આપેલ હોય ત્યારે સાંયોગીક પુરાવાના કેસમાં તેટલા જવાબો પુરતાં નથી. સાંયોગીક પુરાવાના કિસ્સામાં આરોપીએ તેની વિરુધ્ધના જે સંજોગો છે તેનુ સ્પષ્ટીકરણ તેણે સ્પષ્ટપણે આપવુ પડે અને

તેવુ સ્પષ્ટીકરણ તેણે આપેલ ન હોય તો તે વધારાનો સાંયોગીક પુરાવો આરોપી વિરુધ્ધ બને છે. હાલના કિસ્સામાં ફરીયાદ પક્ષ દ્વારા કુલ–૧૦ સાહેદોને તપાસવામાં આવેલા છે અને તે સાહેદોની જુબાની અને દસ્તાવેજી પુરાવાના આધારે આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ના નિવેદનમાં તેની વિરુધ્ધ તમામ સવાલો પુછવામાં આવેલ છે પરંતુ તેનો સ્પષ્ટ ખુલાસો આરોપી દ્વારા કરવામાં આવેલ નથી. ઉપરોકત સિધ્ધાંત નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **મુસરખાન વિરુધ્ધ મધ્ય પ્રદેશ, એ.આઈ.આર. ૨૦૧૦ (સુ.કો) પાના નં. ૬૭૨** માં પણ પ્રસ્થાપિત થયેલ છે.

**૪૦.** વધુમાં, ઉપરોકત સમગ્ર પુરાવાની કરેલી ચર્ચાના સંદર્ભમાં નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયા, ક્રિમીનલ એપેલેટ જયુરીસડીકશન સમક્ષની **in the case of Uma** & **Anr**. **Versus**.... **The State Rep**. **By the Deputy Superintendent of Police Reported in** [2024] 10 **SCR 1757,** તા.૨૨/૧૦/૨૦૨૪ ના નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં પેરા–૨૧ અને ૨૪ માં નીચે મુજબ ઠરાવેલ છે.

> 21. The prosecution has proved its case beyond reasonable doubt, established the complete chain of circumstances including the; (i) motive (ii) presence of the Appellants at the time of incident (iii) false explanation in the statement under Section 313 of the CrPC (iv) the conduct of the Appellants before and after the incident & most pertinently (v) the medical evidence; which in all human probability only correspond to the guilt of the Appellants.
>
> 24. In the case of **Trimukh Maroti Kirkan v. State of Maharashtra, [2006] Supp. (7) S.C.R. 156,** this Court has pointed out that there are two important consequences that

play out when an offence is said to have taken place in the privacy of a house, where the accused is said to have been present. Firstly, the standard of proof expected to prove such a case based on circumstantial evidence is lesser than other cases of circumstantial evidence. Secondly, the appellant would be under a duty to explain as to the circumstances that led to the death of the deceased. In that sense, there is a limited shifting of the onus of proof. If he remains quiet or offers a false explanation, then such a response would become an additional link in the chain of circumstances. In terms of Section 106 of the Evidence Act, the Appellants have not discharged their burden that the injuries sustained by the deceased were not homicidal and not inflicted by them.

ઉપરોકત પ્રસ્થાપિત કરવામાં આવેલા સિધ્ધાંતો ધ્યાને લેતાં, હાલના કેસમાં રજુ રેકર્ડ પરનો સાંયોગિક પુરાવો તથા કેસના સંજોગો જોતાં સદરહુ ચુકાદામાંના પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો હાલના કેસના સંજોગો ધ્યાને લેતાં સુસંગત રીતે લાગુ પડે છે તેવુ આ અદાલતનુ નમ્રપણે માનવુ છે, જેથી આ ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો ઉપર પણ આ અદાલત આધાર રાખે છે.

**૪૧.** ઉપરોકત તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેતાં નીચે મુજબની હકીકતો આરોપીઓ વિરુધ્ધ નિશંકપણે પુરવાર થયેલ છે.

૧. **આરોપી કિરણભાઈ મરણજનાર નીતુભાની વાડીએ ભાગીયા તરીકે કામ કરતા હતા.**

૨. **આરોપી અને મરણજનાર વચ્ચે આરોપીને બાજુની વાડીવાળા જયંતિભાઈની દીકરી સાથે પ્રેમસબંધ હોય જે બાબતે ગુજરનાર નીતુભાએ આરોપીને ઠપકો આપેલ અને નીતુભા આરોપીની બહેન સાથે કામકાજ બાબતે વાતચીત કરતા હોય તે બન્ને બાબતનુ મનુદુઃખ હતુ.**

**૩. આરોપીને બનાવના દિવસે બપોરે છેલ્લે નીતુભાની વાડીમાં જતા જોવામાં આવેલા.**

**૪. આરોપી બનાવ પછી ગુજરનાર પડી જવાથી તેમને માથામાં વાગેલ છે તેવુ ખોટુ કારણ આપી પોતાનો ગુનો છુપાવવા જણાવેલ છે.**

**૫. આરોપીએ મરણજનારને જે સ્થળે ઈજા કરેલ હતી તે સ્થળેથી ઢસડી તે જગ્યાએ પડેલ લોહીના ડાઘા ઉપર રાખ નાંખી પુરાવાનો નાશ કરી બનાવ ઓરડામા પડી જવાથી બનેલ છે તેવી ખોટી માહીતી ખોટુ હોવાનુ જાણવા છતાં આપેલ છે.**

**૬. આરોપીએ ગુનામાં વાપરેલ લોખંડની કોશ પોતાની અંગત જાણકારીના સ્થળેથી શોધી બતાવેલ છે.**

**૭. આરોપીના કપડા ઉપર મરણ જનારના લોહીના જુથની હાજરી મળી આવેલ છે.**

**૮. આરોપી દ્વારા વિશેષ નિવેદનમાં કોઈપણ ખુલાસો સંતોષકારક રીતે જે બાબતો તેની અંગત જાણકારીમા હતી તે બાબતે તેમજ પડેલ પુરાવા બાબતે આપેલ નથી. આમ, તેમની સામેના સંજોગો બાબતે જે પ્રશ્ન પુછવામાં આવેલ છે પરંતુ તેઓએ આ અંગે કોઈ સંતોષકારક ખુલાસો કરેલ નથી.**

આમ, ઉપરોકત તમામ સંજોગોના આધારે એવુ સ્પષ્ટ થાય છે કે, આરોપી વિરુધ્ધ જે સાંયોગીક પુરાવા છે તેના ઉપરથી એવુ સ્પષ્ટ થાય છે કે, આરોપી અને મરણ જનાર વચ્ચે બાજુની વાડી વાળા જયંતિભાઈની દીકરી સાથે પ્રેમસબંધ હોય જે બાબતે ગુજરનાર નીતુભાએ આરોપીને ઠપકો આપેલ અને નીતુભા આરોપીની બહેન સાથે કામકાજ બાબતે વાતચીત કરતા હોય તે બંને બાબતનુ મનદુઃખ હતુ અને તે કારણસર હાલના આરોપીએ જ નીતુભાનુ લોખંડના કોશના ઘા મારી ગંભીર પ્રકારની ઈજા પહોચાડી તેમનુ મોત નિપજાવેલ છે. આરોપી દ્વારા કોઈ પ્રકારનો બચાવ કે જે ખૂન ન કહી શકાય તેવા મનુષ્ય વધના કિસ્સામાં પડે તે લીધેલ નથી કે કોઈ સંજોગો રેકર્ડ ઉપર જણાય આવતા નથી. તે સિવાય આરોપીએ લોહીના ડાઘા છુપાવવા માટે ઉપર રાખ નાંખી મરણજનારનું જે જગ્યાએ તેમની હત્યા કરી ત્યાંથી ઢસડીને ઓરડીમા નાંખી તેઓ પડી ગયા છે તેવુ

બતાવવાનો પ્રયત્ન કરી અને આ માહીતી ખોટી હોવાનુ જાણવા છતાં ખોટી માહીતી આપી ફરીયાદપક્ષના પુરાવાને નબળો પાડવા પ્રયત્ન કરી અને તે પાછળ તેમનો ઈરાદો તેમના દ્વારા કરવામાં આવેલ કૃત્યથી બચવાનો હતો તેવુ કૃત્ય કરેલ છે. તે પાછળ તેમનો ઈરાદો તેમના દ્વારા કરવામા આવેલ કૃત્યથી બચવાનો હતો તેવુ કૃત્ય કરેલ છે.

આમ, ઉપરના સમગ્ર ચર્ચાના સંદર્ભમાં આરોપી વિરુધ્ધ ઈન્ડિયન પીનલ કોડની કલમ–૩૦૨ તથા ૨૦૧ મુજબનો ગુનો નિશંકપણે સાબિત કરવામાં ફરીયાદ સફળ થયેલ છે, **તેથી મુદ્દા નંબર–૨ નો જવાબ હકારમાં** ઠરાવવામાં આવે છે.

**૪૨.** ફરીયાદપક્ષ તરફથી આ કામના આરોપી વિરુધ્ધ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનાં શિક્ષાપાત્ર ગુના અંગે તહોમત મુકવામાં આવેલ છે. જી.પી.એકટની કલમ–૧૩૫ નો ગુનો સાબિત કરવા માટે ફરીયાદપક્ષે એવુ પુરવાર કરવુ પડે છે કે, જી.પી.એકટની કલમ–૩૭(૧) અન્વયે મળેલ અધિકારની રૂઈએ સક્ષમ અધિકારીએ હથિયારબંધીનુ જાહેરનામું બહાર પાડેલુ અને બનાવના સ્થળે અને સમયે આ જાહેરનામું અમલમાં હતુ, તેમ છતાં પણ આરોપીએ હથિયાર ધારણ કરેલ.

આ કામે આંક–૭૧ થી જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ દ્વારા તા.૪/૧૨/૨૦૨૩ ના રોજ બહાર પાડવામાં આવેલ હથિયારબંધીના જાહેરનામાની નકલ રજુ કરવામાં આવેલી છે. સદર જાહેરનામાની નકલ જોતાં તે જાહેરનામું તારીખ બનાવના દિવસે અમલમાં હતું અને તેનો અમલ સમગ્ર બોટાદ જીલ્લા માટે હતો. સદર જાહેરનામાને તપાસ કરનાર અમલદારની જુબાની દરમ્યાન રજુ કરીને સમર્થન આપેલુ છે. વળી, સદર જાહેરનામું જિલ્લા મેજીસ્ટ્રેટ બોટાદ દ્વારા તેઓને જી.પી.એકટની કલમ–૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ બહાર પાડેલુ છે અને તે જાહેરનામુ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી માટે તેમની ફરજનાં ભાગરૂપે બહાર પાડવામાં આવેલ છે, તેથી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪(જી) ની જોગવાઈ મુજબ તેમનાં સદર કાર્ય માટે અદાલત અનુમાન કરી શકે. વળી, સદર જાહેરનામું જોતા બનાવના સ્થળે સમયે

હથિયારબંધીનુ જાહેરનામું અમલમાં હતુ તે હકીકત સાબિત માની શકાય. હવે, માત્ર એટલુ જ નક્કી કરવાનું છે કે, આ કામના આરોપીએ આ હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી બનાવના સ્થળે અને સમયે હથિયાર ધારણ કરેલ છે ? આ જાહેરનામુ વંચાણે લેતા **કોઈ વ્યક્તિ કે વ્યક્તિના સમુહ દ્વારા જાહેરમાં** તીક્ષ્ણ હથીયારો જેવા કે છરી, કુહાડી, ધારીયા અથવા શારીરીક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથીયારો લઈ હરેફરે નહી તે માટે પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ જાહેર શાંતી અને જાહેર સલામતી સારૂ બહાર પાડવુ જરૂરી જણાય છે. ઉપરોક્ત મતલબનુ જાહેરનામુ વંચાણે લેતા તેમાં જણાવેલ હથિયાર જાહેરમાં લઈ હરીફરી શકાય કે ઉપયોગમાં લઈ શકાય નહી એટલે કે કોઈ વ્યક્તિ કોઈ હથિયાર લઈને ફરે કે તેનો ઉપયોગ કરે ત્યારે ગુનો બને છે. હાલના કામે બનાવ વાડીમાં ખાનગી સ્થળે બનેલ હોય તે જી.પી.એકટ–૧૩૫ ના વ્યાપમાં આવતુ નથી કારણ કે, બનાવના સ્થળ ખાનગી સ્થળ છે નહી કે જાહેર સ્થળ તેથી આ તમામ હકીકતો ધ્યાને લેવામાં આવે તો આ કામના આરોપીએ બનાવના સ્થળે અને સમયે હથિયાર લોખંડના કોશ ધારણ કરેલાનું સાબિત થાય છે પરંતુ જીલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદનાં હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરીને જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનાં શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનુ માની શકાય નહી, **જેથી મુદ્દા નં–3 નો જવાબ નકારમાં** આપવામાં આવે છે.

**મુદ્દા નં.૪ઃ–**

**૪૩.** ઉપરોકત ચર્ચાના અંતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**૧.** ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૧) ના પ્રબંધો હેઠળ આ કામના આરોપી કિરણભાઈ ઉર્ફે કિરો ભાયાલાલભાઈ પઢીયારને જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવવામાં આવે છે.

**૨.** ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૨) ના પ્રબંધો હેઠળ આ કામના આરોપી કિરણભાઈ ઉર્ફે કિરો ભાયાલાલભાઈ પઢીયારને

ઈ.પી.કો.કલમ–૩૦૨ તથા ૨૦૧ મુજબના શિક્ષાપાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સજાના પ્રશ્ને ફરીયાદપક્ષ તેમજ આરોપીને સાંભળવા માટે કામ મુલત્વી રાખવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ–૧૬ મી, માંહે–માર્ચ, સને –૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી –સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૬/૦૩/૨૦૨૬ **(એમ.જે.પરાશર)**
બોટાદ સત્ર ન્યાયાધીશ
બોટાદ
જી જે –૦૦૪૬૩

**–:: આખરી હુકમ ::–**

**૪૪.** આરોપી આજ રોજ જેલથી વિડીયો કોન્ફરન્સ મારફતે હાજર રહેલ છે. ઉપરોક્ત ચુકાદો આરોપી તથા તેમના વકીલશ્રીની હાજરીમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે તથા સજાના પ્રશ્ન અંગે સાંભળવામાં આવેલ છે. આરોપીના વિ.વ.શ્રી તરફથી એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આરોપી યુવા વયના ગરીબ પરીવારના કુટુંબ કબીલાવાળા વ્યક્તિ છે, પરીવારના ભરણ પોષણની જવાબદારી તેઓના શીરે છે, આરોપીનો કોઈ ગુનાહીત ઈતિહાસ નથી, જે તમામ હકીકતો ધ્યાને લઈ, આરોપી ઉપર રહેમ નજર રાખી ઓછી સજા કરવા રજુઆત કરેલ છે.

**૪૫.** ફરીયાદ પક્ષે વિધ્વાન પી.પી.શ્રીની રજુઆત છે કે, આ કામે આરોપીને મહત્તમ સજા કરવી જોઈએ કારણ કે, આરોપીએ પોતાના વાડીના માલિકની નજીવા કારણો સબબ તેઓએ પોતે એક તરફી પ્રેમમાં પડી સગાઈ કરવાની ઈચ્છા ધરાવતા હતા અને વાડીના માલીક તરીકે આ પ્રકારનુ વર્તન ન કરવા તેમને ઠપકો આપેલ તેની દાઝ રાખી ગુજરનારની વાડીમાં એકલતાનો લાભ લઈ વિશ્વાસજન્ય સબંધોની આડમાં હત્યા કરેલ છે ત્યારે આવા કિસ્સામાં તેના જીવનની છેલ્લી ઘડી સુધી જેલમાં રહે તેવો આદેશ

આપવો જોઈએ જેથી સમાજમાં આવા ગુના કરતી વ્યક્તિને કાયદાના ભયની લાગણી થાય અને સમાજમાં એક મજબુત સંદેશો જાય જેથી આવા ગંભીર ગુનામાં આરોપીને મહત્તમ સજા કરવી જોઈએ તેમજ ફરીયાદ પક્ષને વળતર આપવા માટે રજુઆત કરેલ છે.

આ કામે ગુજરનારના માથે તેમના પરીવારની જવાબદારી હતી, સંતાનો છે, ગુજરનાર પરીવારનુ ભરણપોષણ કરતા હતા, ગુજરનારના પત્નીએ તેમના પતિને તેમજ તેમના સંતાનોએ પિતાને ગુમાવવાનો વારો આવેલ છે જેથી આવા ગંભીર ગુનામાં આરોપીને મહત્તમ સજા કરવી જોઈએ.

સજા અંગે બન્ને પક્ષને સાંભળ્યા. આ કેસની હકીકત જોતાં નયુનત્તમ સજા અને મહત્તમ સજા વચ્ચે કોઈ મનસુફી પ્રદાન કરતો ગાળો નથી. આ કામે આરોપીએ જે રીતે નિર્દયતાપુર્વક ભોગ બનનારની હત્યા કરેલ છે તે જોતા તેનુ કૃત્ય ઘણુ ગંભીર અને નિર્મમ કહી શકાય પરંતુ કાયદાના સ્થાપિત થયેલ સિધ્ધાંતો લક્ષમાં લઈએ તો હાલનો કેસ "રેરેસ્ટ ઓફ રેર" કેસમાં ગણી શકાય તે અંશે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ઠરાવવામાં આવેલ સિધ્ધાંતો અન્વયેના માપદંડમા આવરી શકાય તેમ જણાતું નથી, તેથી ન્યાયાધીશ તરીકે વિશેષ ચર્ચા મૃત્યુદંડ બાબતે કરતો નથી. તે સંજોગોમાં આરોપીને સજા બાબતે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-::આખરી હુકમ::-**

(૧) આ કામનાં આરોપી કિરણભાઈ ઉર્ફે કિરો ભાયલાલભાઈ પઢીયારને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૨) અન્વયે ઈ.પી.કો.કલમ-૩૦૨ મુજબના સાબિત થયેલ ગુના માટે આજીવન સખત કેદની સજા તેમજ રૂ. ૨૦,૦૦૦/-(અંકે રૂપીયા વીસ હજાર પુરા) નો દંડનો હુકમ કરવામાં આવે છે.જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ ત્રણ (૩) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામનાં આરોપી કિરણભાઈ ઉર્ફે કિરો ભાયલાલભાઈ પઢીયારને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૨) અન્વયે

ઈ.પી.કો.કલમ–૨૦૧ મુજબના સાબિત થયેલ ગુના માટે પાંચ (૫) વર્ષની સખત કેદની સજા તેમજ રૂ. ૨૦૦૦/–(અંકે રૂપીયા બે હજાર પુરા) નો દંડનો હુકમ કરવામાં આવે છે.જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ છ (૬) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ આરોપી કાચા કામનાં કેદી તરીકે જેટલો સમય જેલમાં રહેલા છે તેટલો સમય સજામાંથી મજરે આપવાનો રહેશે.

(૪) આરોપીને ફરમાવેલી બંને સજા આરોપીએ એક સાથે ભોગવવી.

(૫) આ ગુનાને કામે કબજે કરવામાં આવેલ વેલ્યુએબલ મુદામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામા આવે છે અને જો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો જે તે મુદામાલ અંગે યોગ્ય તે ઈન્કવાયરી કરી જે તે મુદામાલ જે તે વ્યક્તિને પરત સોંપવા આથી હુકમ કરવામાં આવે છે. ગુનાના કામે કબજે કરવામાં આવેલ નોન વેલ્યુએબલ મુદામાલનો અપીલ સમય પુરો થયા બાદ કાયદા મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩(૧) મુજબ આરોપીને આ હુકમની એક નકલ તાત્કાલિક વિના મુલ્યે આપવી.

(૭) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭(એ) અન્વયે, ગુજરનારના આશ્રીતોને યોગ્ય વળતર ચુકવવાની ભલામણ સાથે આ ચુકાદાની નકલ જીલ્લા લીગલ સર્વિસ ઓથોરિટીને મોકલી આપવી.

હુકમ આજ તા. ૧૬ મી, માંહે–માર્ચ, સને–૨૦૨૬ નાં રોજ બોટાદ ખાતે ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૬/૦૩/૨૦૨૬
બોટાદ

**(એમ.જે.પરાશર)**
સત્ર ન્યાયાધીશ
બોટાદ
જી જે –૦૦૪૬૩

vmk